dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 16 । AD - 2026, Aso Sud-06 । Friday, Dt. 16-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

લેહ એરપોર્ટનું નવું ટર્મિનલ, ૨૯૮ કિમી લાંબો માર્ગ અને જળવિદ્યુત પ્રોજેક્ટ સહિતની યોજનાઓથી કનેક્ટિવિટી, વીજળી અને જળ સંરક્ષણને મળશે વેગ

લદ્દાખમાં વિકાસ યોજનાઓનું પીએમ મોદીના હસ્તે વર્ચ્યુઅલ ઉદ્ઘાટન અને લોકાર્પણ

નવી દિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર માટે લદ્દાખનો વિકાસ પ્રાથમિકતા છે. લદ્દાખની નવી પેઢીને સારું શિક્ષણ મળે અને યુવાનોને અભ્યાસ માટે બીજા શહેરો પર નિર્ભર ન રહેવું પડે તે દિશામાં સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ લદ્દાખમાં આશરે રૂ. ૩,૩૫૦ કરોડની વિવિધ વિકાસ યોજનાઓનું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદ્ઘાટન અને લોકાર્પણ કર્યું હતું. આ યોજનાઓથી પ્રદેશમાં પરિવહન, વીજળી, જળ સંરક્ષણ અને પ્રવાસન સહિતના ક્ષેત્રોમાં વિકાસને નવી ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે આજે લદ્દાખની પ્રગતિ અને વિકાસમાં વધુ એક નવો અધ્યાય જોડાઈ રહ્યો છે. ટેક્નોલોજીના માધ્યમથી આ વિકાસકાર્યોનો હિસ્સો બનવાની ખુશી વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે વિવિધ યોજનાઓથી સ્થાનિક લોકોને અનેક સુવિધાઓ મળશે. આ વિકાસ યોજનાઓમાં લેહ એરપોર્ટનું નવું પેસેન્જર ટર્મિનલ, ૨૯૮ કિલોમીટર લાંબો નિમ્મુ-પદુમ-દાર્ચા માર્ગ, ૯ મેગાવોટનો હાનૂ જળવિદ્યુત પ્રોજેક્ટ, વીજળી ટ્રાન્સમિશન લાઈન, દેશનો પ્રથમ પેટ્રોગ્લિફ સંરક્ષણ પાર્ક અને ૪૦ ગામોમાં બનાવવામાં આવેલા જળાશયોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સના અમલીકરણથી લદ્દાખમાં હવાઈ અને માર્ગ પરિવહનની સુવિધા વધુ સારી



બનશે. સાથે જ વીજળીની ઉપલબ્ધતા વધારવા, પાણીનું સંરક્ષણ કરવા અને પ્રાચીન સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવામાં પણ મદદ મળશે. દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકોને પરિવહન અને અન્ય પાયાની સુવિધાઓનો લાભ મળવાથી સ્થાનિક વિકાસને પણ વેગ મળશે. વડાપ્રધાન મોદીએ લદ્દાખમાં રમતગમતની સંભાવનાઓ અંગે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અહીંના યુવાનોએ આઇસ હોકી અને પર્વતારોહણ જેવી રમતોમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

સ્થાનિક રમત પ્રતિભાઓને આગળ વધારવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેથી યુવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની સિદ્ધિઓ મેળવી શકે.

તેમણે લદ્દાખના સ્થાનિક ઉત્પાદનો અને હસ્તકલાની સંભાવનાઓ પર ભાર મૂકતા કહ્યું હતું કે વિદેશી મહેમાનોને મળતી વખતે તેઓ લદ્દાખમાં બનેલી વસ્તુઓ ભેટ આપે છે. અહીંનું પશમીના અને સ્થાનિક હસ્તકલા ક્ષેત્ર ખૂબ જ સંભાવનાશીલ છે. સ્થાનિક ઉત્પાદનોને નવા બજારો મળી રહે અને તેનો લાભ સીધો ઉત્પાદકો સુધી પહોંચે તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું હતું કે સરકારી સેવાઓ લોકો સુધી સરળતાથી પહોંચે અને સ્થાનિક ઉદ્યોગસાહસિકો દેશ-દુનિયાના બજારો સાથે જોડાઈ શકે તે માટે કામગીરી ચાલી રહી છે. લદ્દાખના યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગારીની વધુ તકો મળે તે હેતુથી સેન્ટર ઓફ એક્સેલન્સ પણ બનાવવામાં આવી રહ્યું છે. આ પ્રયાસોથી લદ્દાખની નવી પેઢી માટે વિકાસના નવા માર્ગો ખુલશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

વિપક્ષી નેતાઓની અરજીના આધારે સુપ્રીમ કોર્ટે ચૂંટણીપંચ અને ચૂંટણી કમિશનરને નોટિસ પાઠવી

નવી દિલ્હી,તા.૧૫

દેશભરમાં ચાલી રહેલી મતદાર યાદીઓની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અને આ દરમિયાન મોટા પ્રમાણમાં મતદારોના નામ રદ કરવાના આરોપોને લઈને વિપક્ષી I.N.D.I.A. ગઠબંધન સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું છે. વિપક્ષની અરજી પર સુનાવણી હાથ ધરતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે ભારતીય ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયા સૂર્યકાંત અને જસ્ટિસ



જોયમાલ્ય બાગચીની વિશેષ ખંડપીઠે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરી હતી. અદાલતે આ કેસને વિવિધ રાજ્યોમાં SIR પ્રક્રિયાની માન્યતાને પડકારતી અન્ય પેન્ડિંગ અરજીઓ સાથે જોડી દીધો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અરજદારોમાંથી એક નેતાના અગાઉના વલણ અને આચરણ અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. ખંડપીઠે જણાવ્યું હતું કે આગામી સુનાવણી દરમિયાન તે નેતાને તેમના આચરણ અંગે સવાલ પૂછવામાં આવશે. જોકે, અદાલતે સંબંધિત નેતાનું નામ જાહેર કર્યું નહોતું. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી પંચને નોટિસ પાઠવવાનો અર્થ એ નથી કે અદાલતે કોઈ બાબતને પૂર્વગ્રહપૂર્વક સ્વીકારી લીધી છે અથવા કોઈની ટીકા કરી છે. હવે આ મામલે ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનરનો જવાબ મહત્વનો રહેશે. SIR પ્રક્રિયા દરમિયાન મતદારોના નામ રદ કરવાના આરોપો અને વિપક્ષની રજૂઆતો અંગે આગળની સુનાવણીમાં વધુ સ્પષ્ટતા થવાની સંભાવના છે.

સીજેપી સહિત વિવિધ સંગઠનોની પ્રેસ કોન્ફરન્સમાં હોબાળો મચ્યો

નવી દિલ્હી,તા.૧૫

કોકરોચ જનતા પાર્ટી (CJP) અને છાત્ર સંગઠન AISA દ્વારા દિલ્હીમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં એડવોકેટ કપિલ સિબ્બલ, પ્રશાંત ભૂષણ અને અભિનેતા પ્રકાશ રાજ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં જ હોબાળો શરૂ થઈ ગયો હતો. નેહા બોરાએ બોલવાનું શરૂ કરતાં જ ત્યાં હાજર કેટલાક લોકોએ 'બંધ કરો'ના નારા લગાવ્યા હતા, જેના કારણે વાતાવરણમાં ગરમાવો જોવા



મળ્યો હતો. આ દરમિયાન દીપકે હોબાળો શાંત કરાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકાર પ્રદર્શનકારીઓ અને વિપક્ષી નેતાઓને કસ્ટડીમાં લઈ રહી છે. તેમણે રેલવે સેવાઓ અને દિલ્હીની મેટ્રો બંધ કરવાના તેમજ જમ્મુ-કાશ્મીરમાંથી સુરક્ષાદળોને બોલાવવાના મુદ્દા ઉઠાવીને સવાલ કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનર માટે સરકાર આટલી કાર્યવાહી શા માટે કરી રહી છે.ત્યારબાદ નેહા બોરાએ જણાવ્યું હતું કે લોકોને કસ્ટડીમાં લેવા અને તેમની સાથે મારપીટ કરવાથી આંદોલન અટકશે નહીં. તેમણે પ્રદર્શનકારીઓની માંગણીઓ અંગે પણ વાત કરી હતી. CJP અને અન્ય સંગઠનો દ્વારા ૧૬ ઓક્ટોબરે દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત સેન્ટ્રલ પાર્કમાં તિરંગો લહેરાવીને વિરોધ પ્રદર્શન કરવાનું એલાન કરવામાં આવ્યું છે. આ સંગઠનો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન થયેલા હોબાળા અને નેતાઓના નિવેદનોને કારણે આ કાર્યક્રમ ચર્ચામાં રહ્યો હતો. જોકે, સરકાર દ્વારા લગાવવામાં આવેલા આરોપો અંગેનો સત્તાવાર પક્ષ અહીં રજૂ કરવામાં આવ્યો નથી.

'ધર્માંતરણ પછી અનામત ન મળે' સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો

નવી દિલ્હી,તા.૧૫

હિન્દુ ધર્મ છોડીને અન્ય ધર્મ અપનાવ્યા બાદ અનામતના અધિકાર મુદ્દે સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે હિન્દુ સામાજિક વ્યવસ્થાના પછાત વર્ગ કે અનુસૂચિત જાતિ સાથે જોડાયેલી વ્યક્તિ ધર્મ પરિવર્તન બાદ એ જ આધારે અનામતનો દાવો કરી શકે નહીં.આ મામલો તમિલનાડુ સરકારના એક સરકારી આદેશ સાથે જોડાયેલો છે. રાજ્ય સરકારે ઈસ્લામ અપનાવનારા લોકોને પછાત વર્ગ



મુસ્લિમ શ્રેણી હેઠળ અનામતનો લાભ આપવાની જોગવાઈ કરી હતી. મદ્રાસ હાઈકોર્ટે આ આદેશ રદ કર્યો હતો, જેને રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો હતો. અદાલતના અવલોકન મુજબ, હિન્દુ સામાજિક વ્યવસ્થામાં રહેલું જાતિગત પછાતપણું અન્ય ધર્મમાં આપોઆપ સ્થાનાંતરિત થતું નથી. તમિલનાડુ સરકારે સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના આધારે અનામત આપવાની દલીલ કરી હતી, પરંતુ કોર્ટએ તેને સ્વીકારી નહોતી. આ ચુકાદાથી ધર્મ પરિવર્તન અને અનામતના અધિકાર અંગે મહત્વની કાનૂની સ્પષ્ટતા થઈ છે.

સીજેપીના પ્રદર્શનમાં ભાગ લેનાર અભિનેતા ઈમરાન ખાનને ભારત છોડવા આદેશ

મુંબઈ,તા.૧૫

અભિનેતા ઈમરાન ખાનને મુંબઈ પોલીસે નોટિસ જારી કરી ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડવાના નિર્દેશ આપ્યા છે. ઈમરાન ખાન ૧૦ ઓક્ટોબરે મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે યોજાયેલા પ્રદર્શનમાં જોડાયા હતા. પોલીસે તેમને ૧૦ ઓક્ટોબરે કસ્ટડીમાં લીધા હતા. તેઓ ૨૨-૨૩ જુલાઈએ નીટ પેપર લીકના વિરોધમાં કોકરોચ જનતા પાર્ટી દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં પણ સામેલ થયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, ઈમરાન ભારતીય નાગરિક નથી. આથી તેમની સામે ઈમિગ્રેશન એક્ટની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. અભિનેતા ઈમરાન ખાન આમિર ખાનના ભાણેજ છે.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
શુક્રવાર, તા.૧૬-૧૦-૨૦૨૬

રાજુલા-જાફરાબાદમાં સ્ટેટ હાઈવે-૩૪ના ફોરલેન પ્રોજેક્ટ સામે ખેડૂતોમાં રોષ

ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું, ત્રણ દિવસમાં નિર્ણય નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

રાજુલા,તા.૧૫

રાજુલા-જાફરાબાદ વિસ્તારમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે-૩૪ના ફોરલેન પ્રોજેક્ટને લઈને ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. આજે મોટી સંખ્યામાં ખેડૂતોએ રાજુલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી જમીન સંપાદન, રોડની હદ અને વળતર સહિતના વિવિધ મુદ્દાઓ અંગે રજૂઆત કરી હતી.

રાજુલા-જાફરાબાદ ખેડૂત સંકલન સમિતિ દ્વારા લોઠપુર, લૂણસાપુર, વાંઢ, મિતિયાળા અને જાફરાબાદ ગામના ખેડૂતોના પ્રશ્નોને લઈને આ રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની ખાનગી જમીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, પરંતુ જમીન સંપાદનની કાયદેસરની પ્રક્રિયા અને યોગ્ય વળતરને લગતા પૂરતા દસ્તાવેજો ઉપલબ્ધ કરવામાં આવ્યા નથી. રોડની હદ ૩૦ મીટર કે તેથી વધુ હોવા અંગે પણ સત્તાવાર રેકોર્ડના આધારે સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.ખેડૂત સંકલન સમિતિએ જમીન સંપાદનના રેકોર્ડ, રોડની હદ, સંયુક્ત માપણી શીટ, KJP સહિતના તમામ સંબંધિત દસ્તાવેજો જાહેર કરવાની માંગ કરી છે. સાથે જ સ્થળ પર સંયુક્ત સર્વે કરી ખેડૂતોના વાંધાઓનો



ન્યાયપૂર્ણ નિકાલ કરવામાં આવે તેવી રજૂઆત કરી છે. ખેડૂતોની જમીનની હદની સત્તાવાર માપણી કરી માપણી શીટ આપવામાં આવે અને કાયદેસરની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરવામાં આવે ત્યાં સુધી ખેતરોનો કબજો લેવામાં ન આવે તથા સંબંધિત કામગીરી સ્થગિત રાખવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. ફોરલેન પ્રોજેક્ટ અંતર્ગત રસ્તાના વિસ્તરણ માટે રક્ષિત જંગલનાં વૃક્ષો કપાવાની સંભાવનાને લઈને પણ સમિતિએ ચિંતા વ્યક્ત કરી છે. વૃક્ષો કપાય તો તેની સામે અન્ય વિસ્તારમાં વળતરરૂપે વૃક્ષારોપણ કરવાની જોગવાઈ અંગે સ્પષ્ટ માહિતી આપવામાં આવે તેવી માંગ ઉઠાવી છે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે રસ્તાની આસપાસનાં વૃક્ષો ધૂળ અને પ્રદૂષણની અસર ઘટાડવામાં મદદરૂપ બને છે. વૃક્ષો દૂર થવાથી કપાસ, કેરી અને શાકભાજી સહિતના પાકો તથા સ્થાનિક પર્યાવરણને નુકસાન થવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી છે.ખેડૂત સંકલન સમિતિએ સ્ટેટ હાઈવે-૩૪ના ફોરલેન પ્રોજેક્ટની કામગીરી તાત્કાલિક સ્થગિત કરવા, તમામ દસ્તાવેજો જાહેર કરવા, ખેડૂતોની જમીન અને પાકના હિતોનું રક્ષણ કરવા તથા પર્યાવરણીય અસરોને ધ્યાનમાં રાખી પ્રોજેક્ટની સમીક્ષા કરવાની માંગ કરી છે. આવેદનપત્ર મળ્યાના ત્રણ દિવસમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે અને કામગીરી અટકાવવામાં નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનાત્મક પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

જે.વી.કાકડીયાના હસ્તે ધારી તાલુકાના અમૃતપુર ગામે આંગણવાડીનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૫

ધારી તાલુકાના અમૃતપુર ગામે નવી આંગણવાડી કેન્દ્રના નિર્માણ માટે ધારાસભ્ય જે.વી. કાકડિયાના હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. ગામના નાના બાળકોને સારી સુવિધાઓ મળી રહે અને તેમના પ્રારંભિક શિક્ષણનો પાયો મજબૂત બને તેવા આશયથી નવી આંગણવાડી કેન્દ્રનું નિર્માણ કરવામાં આવશે. આ સુવિધાથી



બાળકોની સંભાળ, પોષણ અને પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા વધુ સારી બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પૂજ્ય મહાવીરબાપુ, તાલુકા પંચાયતના પ્રમુખ મહેશભાઈ સાવલિયા, જિલ્લા પંચાયતના સભ્ય ઘનશ્યામભાઈ હિરપરા, તાલુકા ભાજપના મહામંત્રી ચંદ્રેશભાઈ વાળા તેમજ માર્કેટિંગ યાર્ડના સભ્ય હર્ષદભાઈ રાવલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નવી આંગણવાડી કેન્દ્રથી ગામના બાળકોને લાભ મળશે અને ગ્રામ્ય વિસ્તારમાં બાળ વિકાસની સુવિધાઓને વધુ વેગ મળશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સે પાલિકા પ્રમુખને પત્ર પાઠવી માંગ કરી

અમરેલીની ઈન્દિરા શોપીંગ સેન્ટરની દુકાનોની ટ્રાન્સફર ફી ઘટાડવા વેપારીઓએ કરી માંગ

ભાડા પર ૧૮% જી.એસ.ટી. દૂર કરવા પણ રજૂઆત, ભાડામાં ફેરફાર ન કરવા અપીલ

અમરેલી,તા.૧૫

અમરેલી ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયાને પત્ર લખી ઈન્દિરા શોપીંગ સેન્ટરમાં આગળ-પાછળની બધી લાઈનની દુકાનોની ટ્રાન્સફર ફી ઘટાડવા રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા મુજબ અગાઉ ટ્રાન્સફર ફી રૂ. ૩.૭૫ થી ૫૫ હજાર હતી, જે વધારીને હાલમાં રૂ. ૩ લાખ કરવામાં આવી છે. નગરપાલિકાની આ દુકાનો ૪૦ વર્ષ જૂની અને જર્જરીત થઈ ગયેલી છે. ઊંચી ફીના કારણે કોઈ માલિક દુકાન ટ્રાન્સફર કરાવતા નથી, જેથી પાલિકાને પણ નુકસાન થાય છે. શહેરના અન્ય શોપીંગ સેન્ટરોમાં સામાન્ય ટ્રાન્સફર ફી છે તેમ પણ જણાવાયું છે. દુકાન ભાડા તા. ૩૧/૩/૨૭ના રોજ પૂરા થતા હોવાથી ત્યારબાદ વેપારીઓને સાંભળ્યા સિવાય ભાડામાં ફેરફાર ન કરવા વિનંતી કરાઈ છે. હાલ ભાડા પર ૧૮% જી.એસ.ટી. લેવાય છે, જે અન્ય સંસ્થાઓમાં નથી, તેથી તે દૂર કરવા પણ માંગ કરવામાં આવી છે. ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સે ઉર્જામંત્રી અને ચીફ ઓફિસરને પણ પત્ર પાઠવ્યો છે.

ભૂરખીયા-દામનગર વચ્ચે વાવ પાસેના ખતરનાક વળાંકથી અકસ્માતનો ભય

દામનગર,તા.૧૫

દામનગરથી લાઠી જતા ૧૬ કિ.મી.ના માર્ગ પર ભૂરખીયાથી આગળ મેથળી ગામના પાટીયા નજીક આવેલી પૌરાણિક વાવ પાસેનો વળાંક અત્યંત જોખમી બન્યો છે. અહીં સામસામે પૂરપાટ ઝડપે આવતા નાના-મોટા વાહનોના ચાલકો નિયંત્રણ ગુમાવે તો ગંભીર અકસ્માત થવાની શક્યતા છે. ભૂતકાળમાં પણ આ માર્ગ પર અકસ્માતો થયા છે. લાઠી, અમરેલી, દામનગર, ગારિયાધાર અને રાજકોટ સહિતના શહેરોમાં જતા વાહનોની સતત અવરજવર રહે છે. અમરશીભાઈ નારોલાની



વાડી પાસેનો વળાંક પણ જોખમી છે. માર્ગ અને મકાન વિભાગ તાત્કાલિક સ્પીડ બ્રેકરો બનાવી આપે તેવી માંગ ઉઠી છે.

સાવરકુંડલા શહેરમાં ટાઈલ્સ ક્લીનર પી જવાથી પ્રૌઢનું મોત

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલામાં એક પ્રૌઢનું ટાઈલ્સ ક્લીનર પી જવાથી મોત નીપજ્યું હતું. બનાવ અંગે અજયભાઈ જીતેન્દ્રભાઈ ગઢિયા (ઉં.વ.૪૩) એ પોલીસમાં જાહેર કરેલી વિગતો મુજબ, તેમના ભાઈ અલ્પેશભાઈ જીતેન્દ્રભાઈ ગઢિયા (ઉં.વ.૪૫) એ કોઈ કારણોસર અગમ્ય કારણોસર ટાઈલ્સ ક્લીનર પી લીધું હતું.આથી તેમને તુરંત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે. જે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

નાનાભંડારીયાના નરેશ ત્રાપસિયા અમરેલી તાલુકા ભાજપ કિસાન મોરચાના ઉપપ્રમુખ બનતા ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી

અમરેલી,તા.૧૫

અમરેલી તાલુકાના નાનાભંડારીયા ગામના ખેડૂત પુત્ર નરેશ ત્રાપસિયાની અમરેલી તાલુકા ભાજપ કિસાન મોરચાના ઉપપ્રમુખ તરીકે નિમણૂક થતા ગામમાં આનંદની લાગણી ફેલાઈ છે. તેમની આ નિમણૂક બદલ નાનાભંડારીયા ગામના ગ્રામજનો દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં



આવી હતી. ગામના યુવાનને રાજકીય સંગઠનમાં મહત્વની જવાબદારી મળતા ગ્રામજનોમાં ખુશી જોવા મળી રહી છે. નરેશ ત્રાપસિયા આગામી સમયમાં ખેડૂતોના પ્રશ્નોને વાચા આપી સંગઠનને વધુ મજબૂત બનાવે તેવી ગ્રામજનો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી. જો કે નરેશ ત્રાપસીયા દ્વારા ખેડૂતોના અણઉકેલી પ્રશ્ને છેક રાજય સરકાર સુધી રજૂઆત કરી તેમના પ્રશ્નોને વાચા મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ.

ભૂરખીયા હનુમાનજી મંદિર ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૭૭ દર્દીઓના આંખની તપાસ કરવામાં આવી

દામનગર,તા.૧૫

દામનગર નજીક આવેલ સ્વયં પ્રગટ ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ગુરુવારના રોજ ૧૦૩મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાઈ ગયો હતો. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી યોજાયેલ આ કેમ્પમાં કુલ ૭૭ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૩૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે તેમજ એક દર્દીને વેલના ઓપરેશન માટે અમરેલી



લઈ જવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૫ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા બનાવી આપવામાં આવશે. લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી, સુદર્શન નેત્રાલય અમરેલી અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પના કારણે આંખના દર્દીઓને સારવારમાં આર્થિક રાહત મળી હતી. કેમ્પના સફળ આયોજન બદલ દર્દીઓ દ્વારા સહયોગી પરિવાર, સંસ્થાઓ અને મંદિર ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અમરેલીના લાલાવદર ખાતે કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ કરાવતા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લાના લાલાવદર સ્પોર્ટ્સ સંકુલ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા આયોજીત ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા અંતર્ગત રાજ્યકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધામાં મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ દીપ પ્રાગટ્ય કરી



સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહી ખેલાડી બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો. રમતગમત માત્ર જીત અને હાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ શિસ્ત, આત્મવિશ્વાસ, ટીમવર્ક અને સંઘર્ષ કરવાની શક્તિનું ઉત્તમ માધ્યમ છે. કબડ્ડી જેવી રમતમાં દીકરીઓનું કૌશલ્ય, સાહસ અને ટીમ ભાવના જોઈને આનંદ વ્યક્ત કર્યો હતો. મંત્રી કૌશિક વેકરીયા બાળકો સાથે સાદગીથી મળતા સૌએ આવકારી અભિનંદન આપ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

અમરેલી જિલ્લા આરોગ્ય સમિતિની બેઠક યોજાઈ રસીકરણ ઝડપથી પૂર્ણ કરવા કલેક્ટરની સૂચના

અમરેલી,તા.૧૫



જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. જેમાં રસીકરણ, સંચારી રોગો અને તમાકુ નિયંત્રણ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૨૪થી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન જન્મેલા અને રસીકરણમાં બાકી રહેલા બાળકોનું રસીકરણ ઝડપથી પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી. જિલ્લામાં હાલ કોઈ સંચારી રોગચાળો નથી અને ટ્રીપલ લેયર માસ્ક, ટેસ્ટિંગ કીટ તથા જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવાયું હતું. મેલેરિયા અને ડેન્ગ્યુ સામે તકેદારી, ફોગીંગ તથા પીવાના પાણીના ક્લોરિનેશન પર ભાર મૂકાયો હતો. શાળાઓ નજીક તમાકુયુક્ત પદાર્થોના વેચાણ સામે કાયદાનું પાલન કરવા સૂચના અપાઈ હતી. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન તમાકુ નિયંત્રણ કાયદા હેઠળ ૯૯૦ કેસ નોંધાયા અને રૂ. ૭૫ હજારથી વધુ દંડ વસૂલાયો હતો. બેઠકમાં આરોગ્ય સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

બાબરા તાલુકાની ગ્રા.પં.ના પટાવાળાઓના લઘુત્તમ વેતન સહિતના પ્રશ્નો ઉકેલવા માંગ કરી

બાબરા,તા.૧૫



તસવીર : વિજય માળી

બાબરા તાલુકાની ૫૭ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા પટાવાળાઓના લઘુત્તમ વેતન સહિતના પડતર પ્રશ્નો અંગે ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત પટાવાળા યુનિયન દ્વારા રજૂઆત કરવામાં આવી છે. યુનિયન દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગ્રામ પંચાયતોમાં પટાવાળાઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે, તેમ છતાં તેમને મળતા વેતન સહિતના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવતું નથી. સરકારના નિયમો અને જોગવાઈઓ મુજબ પટાવાળાઓને લઘુત્તમ વેતનનો લાભ આપવામાં આવે તેમજ તેમની રજૂઆતોને ગંભીરતાથી લઈને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. પટાવાળાઓના હિતને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે અને કર્મચારીઓને ન્યાય મળે તે માટે યુનિયન દ્વારા રજૂઆત કરાઈ છે. પટાવાળાઓના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા સંબંધિત સત્તાધીશોને અપીલ કરવામાં આવી છે.

રાજુલા એસ.ટી. ડેપોમાં સોનલ શક્તિ ગ્રુપની મહિલાઓની અનોખી સેવા

રાજુલા,તા.૧૫



રાજુલા એસ.ટી. ડેપોમાં ઠંડા પાણીની સમસ્યાને લઈ સોનલ શક્તિ મહિલા ગ્રુપની બહેનોએ ફંડ એકત્ર કરી નવું વોટર કુલર ખુલ્લું મૂક્યું હતું. લાંબા સમયથી મુસાફરોને પડતી મુશ્કેલીનો અંત આવશે. આ પ્રસંગે કિંજલબેન બસીયા, ગોમતીબેન આહીર, દિપાલીબેન મિસ્ત્રી, અર્ચનાબેન જોશી સહિત બહેનો હાજર રહી હતી. ડેપો મેનેજર મમતાબેન જોષી તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાકીય કાર્યને શહેરીજનોએ બિરદાવ્યું હતું.

અમરેલીમાં કમાણી સાયન્સ કોલેજ ખાતે બૌધ્ધિક સંપદા અધિકાર અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી,તા.૧૫



અમરેલીની કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ખાતે ગુજકોસ્ટ પ્રોત્સાહિત આઈ.પી. એન્ડ ઈનોવેશન લેબ, ડિસ્ટ્રીક્ટ કમ્યુનિટી સાયન્સ સેન્ટર અને બાળ ભવનના સંયુક્ત ઉપક્રમે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ વિષય પર વિશેષ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ આચાર્ય ડૉ. ચંદ્રવાડિયાની અધ્યક્ષતામાં દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડાયરેક્ટર નિલેશ પાઠક, આઈ.પી. ઓફિસર પૂર્વાંગાબેન દવે, કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત આઈ.પી. ઓફિસર અવિનાશભાઈ વ્યાસે વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંપદા અધિકાર, તેના કાયદાકીય પાસાઓ અને મર્યાદાઓ અંગે પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક સંપદાના અધિકારો અંગે જાગૃતિ લાવવાનો અને નવીન વિચારો તથા સંશોધનના રક્ષણ અંગે સમજણ આપવાનો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પણ વિષય અંગે ઉપયોગી જાણકારી મેળવી હતી.

સાવરકુંડલામાં ગેસ સિલિન્ડર માટે શિક્ષકો પરેશાન, પ્રાંત અધિકારીને રજૂઆત કરી

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને રાંધણગેસના સિલિન્ડર મેળવવામાં ભારે હાલાકી પડી રહી છે. આ મામલે શિક્ષકોએ પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી છે. દેવળા ગેટ પાસે આવેલી એરો ગેસ એજન્સીમાં બુકિંગ કરવામાં મુશ્કેલી પડતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શિક્ષકોના જણાવ્યા મુજબ, એજન્સી ફોન ઉપાડતી નથી અને ઓનલાઈન નાણાં ચૂકવ્યા બાદ પણ બુકિંગ કેન્સલ કરી દેવામાં આવે છે. ગેસ મેળવવા લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે. શાળાનો સમય સવારે ૧૦:૩૦થી સાંજે ૫:૧૫ સુધી હોવાથી શિક્ષકો મુશ્કેલીમાં મુકાયા છે. આગામી બે-ત્રણ દિવસમાં ગેસ મળે તેવી વ્યવસ્થા કરવા અથવા ગેસ ન મળે ત્યાં સુધી ઓન-ડ્યુટી રજા આપવા માગ કરી છે. ઉકેલ નહીં આવે તો પ્રાંત કચેરીએ રામધૂન બોલાવી વિરોધ કરવાની ચીમકી આપી છે.

રાજુલાના સ્વ.પ્રવિણભાઈ જોટંગીયાની ૧૨મી માસિક પુણ્યતિથિ નિમિત્તે સેવાકીય કાર્યક્રમો યોજાયા

રાજુલા,તા.૧૫



તસવીર : ગોપાલ રાઠોડ

પરમધામવાસી પ્રવિણભાઈ લલ્લુભાઈ જોટંગીયાની ૧૨મી માસિક પુણ્યતિથિ નિમિત્તે જોટંગીયા પરિવાર દ્વારા વિવિધ સેવાકીય અને માનવતાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પ્રવિણબાપાને નવરાત્રી ખૂબ જ પ્રિય હોવાથી નવરાત્રી નિમિતે પાટણવાવા તેમજ રાજુલામાં જય માતાજી ગ્રુપની બાળાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. હવેલી ચોક અને પોલીસ લાઈન ક્વાર્ટરમાં બાળાઓને સ્ટીલની બોટલો તથા ગાયત્રી મંદિરે બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. હવેલી ચોકમાં નાસ્તો કરાવવામાં આવ્યો હતો. માસિક તિથિ નિમિતે હોસ્પિટલમાં ફળ વિતરણ અને સંત ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યોમાં જોટંગીયા પરિવારના દિલીપભાઈ, મહેશભાઈ, ગૌરવભાઈ અને કલ્પેશભાઈ જોડાયા હતા.

એડવોકેટ પિન્ટુ ગોરખીયાની દલીલને કારણે રૂ.૧૦ લાખના વિદેશી દારૂના જથ્થા કેસમાં આરોપીના જામીન મંજૂર

અમરેલી,તા.૧૫



બાબરા તાલુકાના કોટડાપીઠા ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી આશરે દસ લાખ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. આ મામલે બાબરા તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(A)(E), ૧૧૬(B) અને ૮૧ હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના મોટા માત્રા ગામના રહેવાસી કિશોરભાઈ બહાદુરભાઈ ખાચરે અમરેલીની પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં નિયમિત જામીન અરજી કરી હતી. સુનાવણી દરમિયાન આરોપી તરફથી એડવોકેટ પિન્ટુભાઈ ગોરખીયા (પ્રશાંત કંસારા)એ કેસની હકીકતો, તપાસની સ્થિતિ અને કાયદાકીય મુદ્દાઓ અંગે દલીલો કરી હતી. સરકારી અને બચાવ પક્ષની રજૂઆતો તથા રેકર્ડ પરના પુરાવાઓને ધ્યાને લઈ અદાલતે આરોપીની નિયમિત જામીન અરજી મંજૂર કરી તેને જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.







લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૬૮/૨૬
મુદત તારીખ :૧૭/૧૧/૨૦૨૬

અરજદાર : દામજીભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ.૬૦ ધંધો: મજુરી કામ મુ.ગુંદરણ તા.લીલીયા મોટા જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ અધિકારીશ્રી - ગુંદરણ મુ.ગુંદરણ, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ:- એસ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર દામજીભાઈ મોહનભાઈ પરમાર, રહે.ગુંદરણ તા.લીલીયા જી.અમરેલીવાળાએ તેમની પિતાની મરણ તારીખ : ૨૮/૦૩/૨૦૧૦ના રોજ ગુંદરણ મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોક્ત અરજી સામે જો કોઈને વાંધો—તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા : ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવું, તેમ કરવામાં કસુર કર્યો આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૩ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી	સહી		સહી
(એસ.જે.મકવાણા)	(પી.એન.પરમાર)		(એ.એસ.દવે.)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટાર
			જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૭૧/૨૬
મુદત તારીખ :૧૭/૧૧/૨૦૨૬

અરજદાર : સવિતાબેન ડો.ઓ. મોહનભાઈ ચોડવડીયા, ઉ.વ.૭૫ ધંધો: ઘરકામ મુ.સલડી તા.લીલીયા મોટા જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ અધિકારીશ્રી - સલડી મુ.સલડી, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ :- એસ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર સવિતાબેન ડો.ઓ .મોહનભાઈ ચોડવડીયા, રહે.સલડી તા.લીલીયા જી.અમરેલીવાળાએ તેમની જન્મ તારીખ :૦૮/૦૫/૧૯૫૧ના રોજ સલડી મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૪ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી	સહી		સહી
(એસ.જે.મકવાણા)	(પી.એન.પરમાર)		(એ.એસ.દવે.)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટાર
			જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૬૯/૨૬
મુદત તારીખ :૧૭/૧૧/૨૦૨૬

અરજદાર : દામજીભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ.૬૦ ધંધો: મજુરી કામ મુ.ગુંદરણ તા.લીલીયા મોટા જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ અધિકારીશ્રી-ગુંદરણ મુ.ગુંદરણ, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ :- એસ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર દામજીભાઈ મોહનભાઈ પરમાર,રહે.ગુંદરણ તા.લીલીયા જી.અમરેલીવાળાએ તેમની માતાની મરણ તારીખ :૦૪/૧૦/૨૦૧૨ના રોજ ગુંદરણ મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૩ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી	સહી		સહી
(એસ.જે.મકવાણા)	(પી.એન.પરમાર)		(એ.એસ.દવે.)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટાર
			જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૬૭/૨૬
મુદત તારીખ :૧૭/૧૧/૨૦૨૬

અરજદાર : પ્રવિણભાઈ ધીરુભાઈ આસોદરા, ઉ.વ.૪૨ ધંધો: મજુરી કામ મુ.પુતળીયા તા.લીલીયા મોટા જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ અધિકારીશ્રી-પુતળીયા મુ.પુતળીયા, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ :--એસ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર દામજીભાઈ મોહનભાઈ પરમાર, રહે.ગુંદરણ તા.લીલીયા જી.અમરેલીવાળાએ તેમની જન્મ તારીખ : ૦૧/૧૧/૧૯૮૪ના રોજ પુતળીયા મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા : ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૩ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી	સહી		સહી
(એસ.જે.મકવાણા)	(પી.એન.પરમાર)		(એ.એસ.દવે.)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટાર
			જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

રાજુલામાં કોર્ટ પાછળના વિસ્તારમાંથી ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી શરૂ

રાજુલા,તા.૧૫

રાજુલામાં કોર્ટની પાછળના વિસ્તારમાં ઊગી નીકળેલા ગાંડા બાવળને કારણે રાહદારીઓ તેમજ નજીકની સોસાયટીના રહીશોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ વિસ્તારમાં ગાંડા બાવળની ઝાડીઓમાં જંગલી પ્રાણીઓ વસવાટ કરતા હોવાના કારણે સ્થાનિક લોકોમાં પણ ચિંતા જોવા મળતી હતી.


તસવીર : ગોપાલ રાઠોડ

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ગુજરાત નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ અને તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન કનુભાઈ કામળિયા (એડવોકેટ) દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતને પગલે માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી પૂર્ણ થતાં રાહદારીઓ અને આસપાસની સોસાયટીના રહીશોને પડતી મુશ્કેલીઓમાં રાહત મળશે તેમજ વિસ્તાર વધુ સ્વચ્છ અને સુરક્ષિત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમરેલીની ડેરી સાયન્સ કોલેજમાં નવા વર્ષના વિદ્યાર્થીઓનો 'દીક્ષારંભ' અભિમુખતા કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૫

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન અમરેલીની કોલેજ ડેરી સાયન્સ કોલેજ ખાતે નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવનાર પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે તા. ૮ થી ૧૫ ઓક્ટોબર દરમ્યાન યોજાનાર 'દીક્ષારંભ' અભિમુખતા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા



વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક વાતાવરણ, સંસ્થાના ઇતિહાસ, સુવિધાઓ, નિયમો તથા વિવિધ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓથી પરિચિત કરાવવાનો છે. આ કાર્યક્રમનો પ્રારંભ મહાનુભાવોના સ્વાગત, દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીત સાથે થયો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય અને ડીન ડૉ. વી. એમ. રામાણી, છાત્રાલય રેક્ટર ડૉ. કે. એમ. ગવાઈ, એસ.આર.સી. ચેરમેન એમ. પી. પરમાર, અધિકારી ડૉ. એમ. એન. હિંગુ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ. જે. ઠેસીયાની ઉપસ્થિતિ રહી હતી.

ફર્લો પર છૂટેલો પાકા કામનો કેદી ફરાર થઈ જતા દામનગર પોલીસે ફરિયાદ નોંધાવી

દામનગર, તા. ૧૫

રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપતો પાકા કામનો કેદી ફર્લો પર છૂટ્યા બાદ હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો.

રાજકોટ મધ્યસ્થ જેલના જેલર ગ્રુપ-૨ ના કે. જી. સિસોદિયાએ પાકા કામના કેદી રમેશભાઈ ઉર્ફે આર. કે. કેશવભાઈ પડાયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીને તા. ૦૨-૦૯-૨૦૨૬ થી સાત દિવસના વચગાળાના જામીન (ફર્લો) પર મુક્ત કરવામાં આવ્યો હતો. નિયત તારીખે ફર્લો રજા ભોગવી તા. ૧૦-૦૯-૨૦૨૬ ના રોજ જેલમાં હાજર થવાના બદલે તે બારોબાર ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એ. રોજીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરામાં કરિયાણા ચોકડી પાસે કારમાંથી ઇંગ્લિશ દારૂની ૯૨ બોટલ ઝડપાઈ

ટીંબા ગામેથી દેશી દારૂ બનાવવાનો ૩,૦૦૦ લીટર આથો ઝડપાયો

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશન અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી. બાબરામાં કરિયાણા ચોકડી પાસે કારમાંથી ઇંગ્લિશ દારૂની ૯૨ બોટલ ઝડપાઈ હતી. ખંભાળા ગામના ઉદયભાઈ ધાધલ તથા બાબરામાં રહેતા રુવુભાઈ કાર લઈને નીકળતા તેમને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના ઇંગ્લિશ દારૂની ૯૨ બોટલ મળી આવી હતી. પોલીસે કાર સહિત કુલ રૂ.૨,૧૪,૭૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બાબરાના લાલકા ગામેથી સિધ્ધરાજ જેઠસુરભાઈ વનરા (ઉં.વ. ૨૪) પાસેથી બીયરની ૧૭ બોટલ તથા આઈફોન મળી રૂ. ૨૨,૩૮૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ટીંબા ગામે ચેકડેમ કાંઠેથી દેશી દારૂ બનાવવાનો ૩,૦૦૦ લીટર આથો સહિત કુલ રૂ. ૮૦,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. મોણપુર ગામે બે જગ્યાએથી દેશી દારૂ બનાવવાનો ૨,૪૦૦ લીટર આથો સહિત રૂ. ૬૨,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય ૩૮ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપાયો હતો.

ધારી શહેરમાં ઈંટ મારી વેપારીની ઈનોવાનો કાચ તોડી નુકસાન કર્યું

વેપારીએ અજાણ્યા ઈસમ સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

ધારી, તા. ૧૫

ધારીમાં એક વેપારીની કારનો કાચ ઈંટ મારીને તોડતાં રૂ. ૧૫,૦૦૦ નું નુકસાન થયું હતું.બનાવ અંગે આશિષભાઈ હસ્તીમલભાઈ જૈન (ઉં.વ.૩૭) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે પોતાની માલિકીની ટોયોટા કંપનીની ઈનોવા ક્રિસ્ટા રાત્રિના સમયે પોતાના ઘર પાસે જાહેર જગ્યામાં પાર્ક કરી હતી.

તે દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે ગાડીનો પાછળનો કાચ ઈંટ વડે તોડી અંદાજે રૂ. ૧૫,૦૦૦નું નુકસાન કર્યું હતું.ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જોરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

દામનગરમાં હીરાના વેપારી સાથે સુરતના યુવકે રૂ. ૭૦,૮૪૮ ની છેતરપિંડી કરી

કાચા હીરા તૈયાર કર્યા બાદ મજૂરીના પૈસા ન ચૂકવ્યા

દામનગર, તા.૧૫

દામનગરમાં હીરાના વેપારી સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. કાચા હીરા તૈયાર કર્યા બાદ મજૂરીના રૂ. ૭૦,૮૪૮ ચૂકવ્યા નહોતા. આ અંગે ભરતભાઈ ઉર્ફે વિજયભાઈ કેશુભાઈ ડાબસરા (ઉં.વ. ૩૨) એ હાલ સુરત રહેતા અને મૂળ જસદણના કમળાપુરના વલ્લભભાઈ એમ. સાકળીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીએ તેમને કાચા હીરાનો રફ માલ મજૂરી કામ માટે આપ્યો હતો અને મજૂરીનું પેમેન્ટ સમયસર મળી જશે તેમ વિશ્વાસમાં લીધા હતા. વેપારીએ કાચા હીરા તૈયાર કરી આરોપીને મોકલાવ્યા હતા. જે બાદ મજૂરીના લેવાના નીકળતા રૂ. ૭૦,૮૪૮ અંગે અવારનવાર ફોન કરવા છતાં આરોપી સરખો જવાબ આપતો નહોતો. સમય જતાં ફોન ઉપાડવાનું બંધ કરી દઈ, પેમેન્ટ ન આપી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એ. રોજીયા વધુ તપાસ કરી રહ્યા છે.

વડિયાના બાંટવા દેવળી ગામે ઝેરી દવા પીવાથી મહિલાનું મોત

વડિયા,તા.૧૫

વડિયાના બાંટવા દેવળી ગામે ઝેરી દવા પી લેવાથી એક મહિલાનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પ્રવીણભાઈ પુંજાભાઈ ભાસ્કર (ઉં.વ.૪૦) એ જાહેર કરેલી વિગતો મુજબ, તેમનાં પત્ની ભાવનાબેન પ્રવીણભાઈ ભાસ્કર (ઉં.વ.૩૬) ને નાનપણથી જ બંને હાથની આંગળીઓમાં તથા ડાબા પગમાં ખોડખાંપણ હતી. આ ઉપરાંત, તેમને સતત સાંધાનો દુખાવો પણ રહેતો હતો.આ શારીરિક તકલીફ અને દુખાવાથી કંટાળીને તેમણે ઘઉંમાં નાખવાની ઝેરી દવાની મમરીનો પાવડર પી લીધો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વધુ તપાસ ચલાવી રહ્યા છે.

રાજુલા પોલીસ કર્મચારીનું એસ.પી. સંજય ખરાતના હસ્તે સન્માન કરાયું

રાજુલા,તા.૧૫

રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી રવિરાજભાઈ બી. વરુનું અમરેલી એસ.પી. સંજય ખરાત દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત પ્રશંસાપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. બારપટોળી ગામના પ્રતાપભાઈ ભીમભાઈની અરજીના આધારે આશરે રૂ. ૧૫ લાખના ઘરેણાં પરત મેળવવામાં રવિરાજભાઈ એ કામગીરી કરી હતી. ઘરેણાં પરત મળતા ફરિયાદીને



સોંપવામાં આવ્યા હતા. આ કામગીરીમાં તેમની સૂઝબૂઝ અને મહેનતની નોંધ લેવાઈ હતી.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૧૬-૧૦-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૨૨,
સૂર્યાસ્ત-૦૫:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા

દૈનિક રાશિફળ

તા.૧૬-૧૦-૨૦૨૬ શુક્રવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઇફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર: લવ મેરેજ ઇચ્છુક માટે સમય અનુકૂળ છે. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભ: ઇચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યાવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

અમરેલીના સરંભડા ગામે જૂના વિવાદના મનદુઃખમાં ખેડૂતને ગાળો આપી જાનથી મારવાની ધમકી

'ખોટા કેસમાં ફિટ કરાવી દઈશું' કહીને પણ આપી ધમકી

અમરેલી,તા.૧૫

અમરેલીના સરંભડા ગામે જૂના વિવાદના મનદુઃખમાં એક ખેડૂતને ગાળો બોલી જાનથી મારવાની તેમજ ખોટા કેસમાં ફિટ કરાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે દિનેશભાઈ બાલુભાઈ સાવલિયા (ઉં.વ.૫૦) એ રમેશભાઈ ઉર્ફે અજય નાજાભાઈ દાફડા, નાજાભાઈ દાફડા, રમેશભાઈ ઉર્ફે અજયની માતા, રમેશભાઈ ઉર્ફે અજયની પત્ની, વિપુલભાઈ ગીગાભાઈ પરમાર, ગંગાબેન પરશોત્તમભાઈ, ભરતભાઈ પરશોત્તમભાઈ, સંજયભાઈ પરશોત્તમભાઈ પરમાર, કમળાબેન જયંતીભાઈ દાફડા, શોભાબેન વિનુભાઈ દાફડા તથા જયરાજભાઈ રસિકભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમને આરોપીઓ સાથે છેલ્લા બે-ત્રણ મહિનાથી વાદ-વિવાદ ચાલતો હતો. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી તેમને તથા સાક્ષીઓને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત, તેમની તથા સાક્ષીઓ સાથે ઝપાઝપી કરી 'ખોટા ગુનામાં ફિટ કરાવી દઈશું' તેવી ધમકી પણ આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી. એસ.આઈ. ડી. ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના દાતરડી ગામે મહિલા પર હુમલો કરી વાળ પકડી મૂંઢમાર માર્યો

રાજુલા,તા.૧૫

રાજુલાના દાતરડી ગામે એક મહિલાએ અન્ય મહિલાના વાળ પકડી, નીચે પછાડી દઈ મૂંઢમાર માર્યો હતો. બનાવ અંગે બેબીબેન મોહનભાઈ ચૌહાણ (ઉં.વ.૬૦) એ રેખાબેન રાહુલભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદીના દીકરા મનસુખભાઈની નાની દીકરી મીરાં તથા સામેવાળાનો દીકરો તેમના ઘરની ડેલી પાસે રમતા હતા. તે દરમિયાન સામેવાળાનો દીકરો પડી જતાં તેને વાગી ગયું હતું. આ બાબતનું માઠું લાગતાં આરોપી મહિલાએ તેમના ઘરની ડેલી પાસે આવીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. આ ઉપરાંત, બેબીબેનના માથાના વાળ પકડીને નીચે પછાડી દઈ શરીરના ભાગે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. જે. ધાખડા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીમાં સાસુ-સસરાના ઘરે આડી-અવળી વાતો ન કરવા સમજાવવા ગયેલા જમાઈ પર હુમલો

જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

અમરેલી,તા.૧૫

અમરેલીમાં સાસુ-સસરાના ઘરે આડી-અવળી વાતો ન કરવા સમજાવવા ગયેલા જમાઈ પર હુમલો કરવામાં આવ્યો હતો, તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.બનાવ અંગે સોહીલભાઈ રજાકભાઈ ચૌહાણ (ઉં.વ.૫૧) એ ઈમરાનભાઈ યુસુફભાઈ પઠાણ, રેહાન પઠાણ, રોજીનાબેન યુસુફભાઈ પઠાણ તથા હિનાબેન ઈમરાનભાઈ પઠાણ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, ફરિયાદીના સાસુ-સસરા તેમના પરિવાર વચ્ચે ખટપટ કરાવતા હતા અને આડી-અવળી વાતો કરતા હતા. જેથી તેઓ સાસુ-સસરાને આવી વાતો ન કરવા માટે સમજાવવા ગયા હતા. તે દરમિયાન આરોપીઓએ આવીને તેમને જેમ ફાવે તેમ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત, લોખંડના પાઈપ તથા બેઝબોલના ધોકા વડે શરીરે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. વાય. કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાંથી બે પરિણીતા સહિત ત્રણ લોકો લાપતા બન્યા

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લામાંથી વધુ ત્રણ લોકો અગમ્ય કારણોસર લાપતા બન્યા હોવાના બનાવો સામે આવ્યા છે.રાજુલાના ચાંચ ગામે રહેતા ભાણાભાઈ જયંતીભાઈ ચૌહાણ (ઉં.વ.૪૦) એ જાહેર કરેલી વિગતો મુજબ, તેમની પુત્રી ગીતાબેન ભાણાભાઈ ચૌહાણ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. બીજા બનાવોમાં, બાબરાના કાંકરિયા ચોરા પાસે રહેતા બાવચંદભાઈ નાનજીભાઈ ડાભી (ઉં.વ. ૫૧) એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની જયશ્રીબેન (ઉં.વ.૪૬) ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગયાં હતાં. આ ઉપરાંત, લીલિયાના પાંચતલાવડા ગામે રહેતા પ્રકાશભાઈ મેઘજીભાઈ પરમાર (ઉં.વ.૪૯) એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની અસ્મિતાબેન પોતાના રહેણાંક મકાનેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે ક્યાંક જતાં રહ્યાં હતાં.

બનાવ અંગે સંબંધિત પોલીસ મથકોમાં ગુમશુદગીની નોંધ કરીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

તંત્રી લેખ

લદાખની ઓળખ પર ભારતનો સ્પષ્ટ સંદેશ

રાષ્ટ્રની ઓળખ માત્ર તેની સરહદોથી નક્કી થતી નથી. દેશના પ્રદેશો, તેમનો ઇતિહાસ, ભૌગોલિક વિશેષતાઓ અને સત્તાવાર દસ્તાવેજોમાં થતી તેમની નોંધ પણ રાષ્ટ્રીય અખંડિતતાનો અગત્યનો ભાગ છે. ભારતના લદાખ પ્રદેશમાં ૨૮ સ્થળો અને ભૌગોલિક લક્ષણોને પ્રમાણભૂત નામો સાથે સત્તાવાર નકશામાં સ્થાન આપવાના નિર્ણયે આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું છે. ચીને આ પગલાનો વિરોધ કર્યો છે, જ્યારે ભારતે પોતાના વલણમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે કોઈ દેશના ઇનકારથી સ્થાપિત વાસ્તવિકતા બદલાતી નથી. લદાખ ભારતનો અભિન્ન હિસ્સો છે અને આ મુદ્દે ભારતની સ્થિતિ સ્પષ્ટ છે.

ભારત સરકારના ગૃહ મંત્રાલયે ૨ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ જાહેર કરેલી વિગતો પ્રમાણે, લદાખના ૨૮ સ્થળો અને કુદરતી ભૌગોલિક લક્ષણોને સર્વે ઑફ ઇન્ડિયાના અધિકૃત નકશામાં પ્રમાણભૂત નામો સાથે નોંધવામાં આવ્યાં છે. આ કાર્ય લદાખના વહીવટીતંત્ર સાથે ચર્ચા કરીને કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થળોની ઓળખને ચોક્કસ બનાવવાનો અને લોકોમાં તેમના વિશેની જાણકારી વધારવાનો છે. યાદીમાં પર્વતો, શિખરો, ઘાટ, હિમનદીઓ, જળાશયો, નદી, ખીણ અને જમીનના વિસ્તારોનો સમાવેશ થાય છે. ગોગરા અને હોટ સ્પ્રિંગ્સ જેવા વિસ્તારોનો સમાવેશ થવાથી આ પ્રક્રિયાનું સરહદી દૃષ્ટિએ પણ મહત્ત્વ સામે આવે છે. ચીનની પ્રતિક્રિયા દર્શાવે છે કે બંને દેશો વચ્ચે સરહદ અને પ્રાદેશિક ઓળખના પ્રશ્નો હજુ પણ સંવેદનશીલ છે. ચીને લદાખના કેન્દ્રશાસિત પ્રદેશની સ્થિતિને સ્વીકારવાનો ઇનકાર કર્યો અને ભારતે કરેલી નામકરણ પ્રક્રિયા સામે વાંધો વ્યક્ત કર્યો. ભારતના વિદેશ મંત્રાલયે આ વાંધાનો જવાબ આપતાં લદાખને ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ ગણાવ્યો.

ભારતનો મત એ છે કે ચીનની અસંમતિથી ભારતીય પ્રદેશની સ્થિતિમાં ફેરફાર થતો નથી. આ ઘટનાક્રમમાં બંને દેશોના નિવેદનોને અલગ અલગ સમજવા જરૂરી છે. ચીનનો દાવો તેની સરકારનું વલણ છે, જ્યારે ભારતે પોતાના પ્રદેશ અંગેની સત્તાવાર સ્થિતિ પુનઃસ્પષ્ટ કરી છે. ચીન દ્વારા વ્યક્ત કરાયેલા વિરોધથી ભારતની સત્તાવાર પ્રાદેશિક સ્થિતિ બદલાતી નથી. તેમ છતાં, ભારત-ચીન સરહદી પ્રશ્નોનો કાયમી ઉકેલ શોધવા માટે જવાબદાર સંવાદ અને પરસ્પર તણાવ ઘટાડવાના પ્રયાસો જરૂરી છે. બંને દેશો માટે શાંતિ અને સ્થિરતાનું મહત્ત્વ છે, પરંતુ શાંતિની ઇચ્છા પોતાના અધિકારો અંગે અસ્પષ્ટતા રાખવાનું કારણ બની શકે નહીં. લદાખના ૨૮ સ્થળોને પ્રમાણભૂત નામો આપવાનો નિર્ણય ભૌગોલિક ઓળખને દસ્તાવેજીકૃત કરવાનું પગલું છે. તેની સાથે ભારતે સુરક્ષા, વિકાસ, પર્યાવરણ અને સ્થાનિક લોકોના હિતોને પણ સમાન મહત્ત્વ આપવું જોઈએ. રાષ્ટ્રીય અખંડિતતા પ્રત્યેની સ્પષ્ટતા અને શાંતિ માટેની જવાબદારી સાથે ચાલે ત્યારે જ સરહદી નીતિ વધુ અસરકારક બની શકે છે. લદાખ ભારતનો અભિન્ન હિસ્સો છે આ ભારતની સત્તાવાર સ્થિતિ છે, જેને સ્પષ્ટતા, સંયમ અને સતત પ્રયત્નો દ્વારા રજૂ કરતા રહેવું જરૂરી છે.

મા કાલરાત્રિની આરાધનાથી જીવનમાં નિર્ભયતાનું અવતરણ થાય છે



નવરાત્રીનો સાતમો દિવસ શક્તિની ઉપાસના અને આંતરિક હિંમતના જાગરણનો પવિત્ર અવસર છે. આ દિવસે મા દુર્ગાના સાતમા સ્વરૂપ મા કાલરાત્રિની પૂજા કરવામાં આવે છે. માતાજીનું સ્વરૂપ આપણને શીખવે છે કે જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવે, પરંતુ હિંમત, ધીરજ અને સત્યનો માર્ગ છોડવો જોઈએ નહીં. આજના સમયમાં માનવી અનેક પ્રકારની ચિંતાઓથી ઘેરાયેલો છે. રોજગારની અનિશ્ચિતતા, વધતી જતી સ્પર્ધા, પારિવારિક સમસ્યાઓ અને ભવિષ્યની ચિંતા તેના મનની શાંતિને અસર કરે છે. આવા સંજોગોમાં મા કાલરાત્રિની ઉપાસના માત્ર ધાર્મિક પરંપરા નથી, પરંતુ મનોબળ વધારવાનો અને મુશ્કેલીઓનો સામનો કરવાની પ્રેરણા આપતો અવસર પણ છે. આ પર્વ આપણને સમજાવે છે કે અંધકાર ગમે તેટલો ગાઢ હોય, પ્રકાશ તરફ આગળ વધવાનો માર્ગ હંમેશાં શોધી શકાય છે.

નવદુર્ગાનાં સાત સ્વરૂપોમાં મા કાલરાત્રિનું વિશેષ સ્થાન છે. તેમને ઉગ્ર સ્વરૂપ ધારણ કરનાર અને દુષ્ટ શક્તિઓનો નાશ કરનાર દેવી તરીકે પૂજવામાં આવે છે. ધાર્મિક ચિત્રોમાં તેમનો વર્ણ શ્યામ, વાળ વિખરાયેલા અને વાહન ગર્દભ દર્શાવવામાં આવે છે. તેમનાં ચાર હાથમાં વિવિધ આયુધો તથા આશીર્વાદ અને અભય આપતી મુદ્રાઓ જોવા મળે છે. તેમનું સ્વરૂપ ભલે ભયંકર લાગે, પરંતુ ભક્તો માટે તેઓ કલ્યાણકારી અને રક્ષણ આપનાર માતા છે. આ વિરોધાભાસમાં એક ઊંડો સંદેશ છુપાયેલો છે. જે શક્તિ દુષ્ટતા સામે ઉગ્ર બની શકે છે, તે જ શક્તિ સજ્જન અને નિર્દોષ લોકો માટે કરુણામય બની રહે છે. જીવનમાં પણ અન્યાય સામે મજબૂત રહેવું અને નિર્બળ પ્રત્યે દયાળુ બનવું એ બંને ગુણો જરૂરી છે.

ભારતીય ધાર્મિક પરંપરામાં દેવીનાં વિવિધ સ્વરૂપો દ્વારા અધર્મ પર ધર્મના વિજયનો સંદેશ આપવામાં આવ્યો છે. મા કાલરાત્રિનું સ્વરૂપ પણ દુષ્ટતાના અંત અને સત્યની સ્થાપનાની ભાવના સાથે જોડાયેલું છે. તેમના નામમાં રહેલી રાત્રિ અંધકારનું પ્રતીક છે, જ્યારે કાલનો સંબંધ સમય અને વિનાશના ભાવ સાથે જોડાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આ સ્વરૂપ માનવીના જીવનમાં રહેલા અજ્ઞાન, અહંકાર અને નકારાત્મકતાના અંતની પ્રેરણા આપે છે. દરેક વ્યક્તિના મનમાં ક્યારેક ક્રોધ, ઈર્ષ્યા, લોભ કે દ્વેષ જન્મે છે. જો આ લાગણીઓને ઓળખીને નિયંત્રિત કરવામાં ન આવે, તો તે સંબંધો અને જીવનની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. પોતાની નબળાઈઓ સામે લડવાની તૈયારી રાખવી એ પણ એક પ્રકારની સાધના છે.

જીવનમાં મુશ્કેલ સમય આવવો સ્વાભાવિક છે. ક્યારેક મહેનત કરવા છતાં સફળતા મળતી નથી, તો ક્યારેક અણધાર્યા સંજોગો માણસની યોજનાઓ બદલી નાખે છે. આવા સમયે નિરાશ થઈને બેસી રહેવાને બદલે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને આગળ વધવું જોઈએ. મા કાલરાત્રિની આરાધના આ જ સંદેશ આપે છે કે મુશ્કેલીને અંતિમ સત્ય માનવું નહીં. નિષ્ફળતા વ્યક્તિને પોતાની ભૂલો સમજવાની અને નવી રીતે પ્રયત્ન કરવાની તક આપી શકે છે. અંધકારમાં દીવો પ્રગટાવીએ તેમ, મુશ્કેલીના સમયમાં આશા અને સમજદારીનો સહારો લેવો જોઈએ. જે વ્યક્તિ પોતાની અંદરની શક્તિને ઓળખે છે, તે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ માર્ગ શોધી શકે છે.

આજના જીવનમાં માનસિક શાંતિ જાળવવી એક મોટો પડકાર બની ગયો છે. વિદ્યાર્થીઓને પરીક્ષાનો ભાર સતાવે છે, યુવાનોને કારકિર્દીની ચિંતા રહે છે અને પરિવારોને આર્થિક જવાબદારીઓનો સામનો કરવો પડે છે. સતત સરખામણી, અપેક્ષાઓ અને નિષ્ફળતાનો ભય માનવીના આત્મવિશ્વાસને નબળો બનાવી શકે છે. આવા સંજોગોમાં પ્રાર્થના,

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ધ્યાન, યોગ, નિયમિત ઊંઘ અને પરિવારજનો સાથે ખુલ્લા મનથી વાતચીત કરવાથી મદદ મળી શકે છે. શ્રદ્ધા વ્યક્તિને આશા અને મનોબળ આપી શકે છે, પરંતુ દરેક સમસ્યાનો ઉકેલ માત્ર ધાર્મિક વિધિમાં શોધવો યોગ્ય નથી. લાંબા સમય સુધી માનસિક તકલીફ રહે તો યોગ્ય નિષ્ણાતની સલાહ લેવી જોઈએ. પોતાની સમસ્યા સ્વીકારવી અને મદદ મેળવવી એ પણ હિંમતનું જ સ્વરૂપ છે.

મા કાલરાત્રિનું સ્વરૂપ સ્ત્રીની શક્તિ, સ્વતંત્રતા અને આત્મસન્માનનું પ્રતીક પણ બની શકે છે. ભારતીય સંસ્કૃતિમાં દેવીને શક્તિના રૂપમાં પૂજવામાં આવે છે. આ ભાવનાને જીવનમાં ઉતારવા માટે મહિલાઓને સમાન તક અને સન્માન આપવું જરૂરી છે. દીકરીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, તેઓ પોતાના સપનાં સાકાર કરી શકે અને પોતાની પસંદગી અંગે યોગ્ય નિર્ણય લઈ શકે તે માટે પરિવાર તથા સમાજે સહકાર આપવો જોઈએ. મહિલાઓની સુરક્ષા માત્ર કાયદાની જવાબદારી નથી; દરેક નાગરિકની સામાજિક ફરજ પણ છે. ઘરમાં દીકરી અને દીકરા વચ્ચે ભેદભાવ ન રાખવો, મહિલાઓની વાતને મહત્ત્વ આપવું અને તેમની ક્ષમતાનો સ્વીકાર કરવો એ જ નારીશક્તિ પ્રત્યેના સાચા સન્માનની નિશાની છે.

મા કાલરાત્રિની આરાધના અન્યાય સામે ઊભા રહેવાની પ્રેરણા આપે છે. સમાજમાં ભેદભાવ, છેતરપિંડી, શોષણ અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ જોવા મળે છે. ઘણી વાર લોકો પોતાના સ્વાર્થ કે ભયને કારણે ખોટી બાબત સામે અવાજ ઉઠાવતા નથી. પરંતુ અન્યાય સામે મૌન રહેવું ક્યારેક તેને વધુ મજબૂત બનાવે છે. દરેક વ્યક્તિએ પોતાની ક્ષમતા અને પરિસ્થિતિને અનુરૂપ સત્યનો સાથ આપવો જોઈએ. જોકે, વિરોધ કરતી વખતે કાયદાનું પાલન, તથ્યોની ચકાસણી અને શાંતિપૂર્ણ અભિગમ જરૂરી છે. ક્રોધમાં લેવાયેલું પગલું સમસ્યા વધારી શકે છે. સાચી હિંમત એ છે કે વ્યક્તિ દબાણ હોવા છતાં યોગ્ય નિર્ણય લે અને બીજાના અધિકારોનું રક્ષણ કરવામાં સહભાગી બને.

આજના ડિજિટલ યુગમાં માહિતીની ઝડપ વધી છે, પરંતુ દરેક માહિતી સાચી હોય એવું નથી. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ, ખોટા સમાચાર અને ભ્રામક દાવાઓ લોકોમાં ગેરસમજ ઊભી કરી શકે છે. તેથી કોઈ સમાચારને આગળ મોકલતાં પહેલાં તેની વિશ્વસનીયતા તપાસવી જરૂરી છે. અજ્ઞાનનો અંધકાર દૂર કરવા માટે શિક્ષણ, વૈજ્ઞાનિક વિચારસરણી અને તર્કબુદ્ધિનો સહારો લેવો જોઈએ. શ્રદ્ધા અને વિવેક સાથે રહી શકે છે. શ્રદ્ધા જીવનને આધ્યાત્મિક આધાર આપે છે, જ્યારે વિવેક યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરે છે. મા કાલરાત્રિના સંદેશને આધુનિક જીવન સાથે જોડીએ તો તેનો અર્થ થાય છે કે ભય અને ગેરસમજને બદલે જ્ઞાન, સમજણ અને સત્યને સ્થાન આપવું.

ગુજરાતમાં નવરાત્રીનો તહેવાર ગરબા, રાસ અને માતાજીની ભક્તિ માટે વિશેષ જાણીતો છે. આ ઉત્સવ લોકોને એકત્રિત કરે છે અને સામાજિક સંબંધોને મજબૂત બનાવે છે. ગરબાનું વર્તુળ એકતા, સમાનતા અને સામૂહિક આનંદનું પ્રતીક છે. પરંતુ ઉત્સવની સાચી સુંદરતા માત્ર ભવ્ય આયોજન કે મોટી ભીડમાં નથી. કાર્યક્રમોમાં સ્વચ્છતા જાળવવી, અવાજનું નિયંત્રણ રાખવું, પાણીનો બગાડ અટકાવવો અને બાળકો, વૃધ્ધો તથા મહિલાઓની સલામતીનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. તહેવાર દરમિયાન જરૂરિયાતમંદોને મદદ કરવી, ગરીબ બાળકોને અભ્યાસમાં પ્રોત્સાહન આપવું અને વૃધ્ધોની સંભાળ રાખવી એ ભક્તિનું માનવીય સ્વરૂપ છે. સમાજમાં સહકાર અને સંવેદનશીલતા વધે ત્યારે ઉત્સવનો આનંદ અનેકગણો વધી જાય છે. સાતમી નવરાત્રીનો સાચો સંદેશ પોતાના જીવનમાં સારા ગુણો વિકસાવવાનો છે. મા કાલરાત્રિની પૂજા કરતાં આપણે ભયને બદલે હિંમત, દ્વેષને બદલે કરુણા અને નિરાશાને બદલે આશા પસંદ કરવાનો સંકલ્પ લઈ શકીએ છીએ. પોતાની ભૂલો સ્વીકારવી, ખરાબ ટેવો સુધારવી, પરિવારને સમય આપવો અને સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી એ પણ આધ્યાત્મિક જીવનના ભાગ છે. શક્તિનો ઉપયોગ બીજાને દબાવવા માટે નહીં, પરંતુ જરૂરિયાતમંદને સહારો આપવા અને અન્યાયને અટકાવવા માટે થવો જોઈએ. માતાજીના ચરણોમાં પ્રાર્થના કરવાની સાથે જો આપણે પોતાના વર્તનમાં એક સકારાત્મક ફેરફાર લાવીએ, તો આ પર્વનું મહત્ત્વ જીવનમાં સાકાર થશે. સાચી ઉપાસના ત્યારે પૂર્ણ બને છે, જ્યારે ભક્તિ આપણા વિચારોમાં પવિત્રતા, કર્મોમાં પ્રામાણિકતા અને વર્તનમાં માનવતા બનીને પ્રગટે છે.

શબ્દ સંજોગ-૨૨૮૧



આડી ચાવી :
(૧) ભારતનુ પિંક સિટી (૪)
(૪) પ્રમાણરૂપ, શિરોધાર્ય (૪)
(૭) વીસની સંજ્ઞા (૨)
(૮) એક પંખી (૩)
(૯) એક જાતનુ રેશમી કાપડ (૨)
(૧૦) બહાનુ (૨)
(૧૧) કસોટી ઉપરથી નક્કી કરેલો સોના રૂપાના ભાવનો આંક (અ) (૨)
(૧૩) વાટ, રાહ (૩)
(૧૫) દાણ ભરવાનુ ચૂકાવવુ તે (૪)
(૧૭) લડાઈ (૩)
(૧૮) બૂમ, પોકાર (૨)
(૧૯) કોઠું કે કોઠી (૩)
(૨૦) ક્રિકેટમાં જીત મેળવવા કરવા પડે (૨)
(૨૩) સાધુનો આશ્રમ (૨)
(૨૫) પાજી, ક્ષુદ્ર (૪)
(૨૭) હાર બંધ, એક હારમાં (૪)
(૨૯) સીધું, સળંગ (૪)
(૩૦) ટેવ વ્યસન (૨)

ઊભી ચાવી :
(૧) જનસમુદાય (૫)
(૨) બરફ (૨)
(૩) રહેવાસી (૩)
(૪) સૌભાગ્યવતી સ્ત્રી (૪)
(૫) ભાઈ,વીર (૨)
(૬) ઝીકચળકમાં વપરાતો ગોળ લપેટેલો તાર (૩)
(૧૦) મૃત્યુ, મોત (૩)
(૧૨) એક ફરસાણ (૩)
(૧૪) ગડબ, ગાંઠ (૩)
(૧૫) દાણાનું બજાર (૪)
(૧૬) એક પ્રકારનો અધ્યાપક (૩)
(૧૯) એળે, બરબાદ (૪)
(૨૧) તિરસ્કાર, ધૃણા (૪)
(૨૨) શરીરનું એકાદ અંગ રહી જવાનો રોગ (૩)
(૨૪) મારી નાખનારો, જલ્લાદ (૨)
(૨૬) મમત, સરસાઈ (૨)
(૨૭) હિંમત (૨)
(૨૮) દશા, સ્થિતિ (૨)

શબ્દ સંજોગ-૨૨૮૦ જવાબ

આડી ચાવી: (૧) મેઘાલય (૪) સરદાર (૮) લલક (૯) પારદર્શક (૧૦) નમે (૧૧) ચડસુ (૧૨) લબાડ (૧૪) ઠોકર (૧૭) નાતીલું (૧૮) ખપ (૨૦) રોવા (વારો) (૨૧) તડતડ (૨૩) રમઝટ (૨૫) તીરંદાજ (૨૭) આલોક (૨૯) ભાન (૨૯) લક્ષ. **ઉભી ચાવી:** (૧) મેલન (૨) ઘાલમેલ (૩) લક (૪) સરસુ (૫) ૨૬ (૬) દાર્શનિક (૭) ૨ક (૬૨) (૯) પાડ (૧૧) ચડતીપડતી (૧૩) બાનાખત (૧૪) ઠોઠા (૧૫) રઘવાટ (૧૬) વિસાત (૧૭) વરદાન (૨૦) રોઝ (૨૨) ડગલો (૨૪) મજ (૨૬) રંભા.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૫૪	૧૯૯૦
ઘઉં લોકવન	૫૫૦	૬૪૦
ઘઉં ટુકડા	૫૫૫	૭૦૦
જુવાર સફેદ	૧૧૫૧	૧૫૦૦
જુવાર પીળી	૪૫૦	૫૦૦
બાજરી	૪૨૭	૪૭૨
મકાઇ	૪૫૦	૫૪૨
તુવેર	૧૪૬૦	૧૯૨૦
ચણા પીળા	૧૧૯૦	૧૫૦૦
ચણા સફેદ	૧૪૫૦	૨૨૧૦
અડદ	૧૪૦૦	૨૧૧૦
મગ	૧૫૦૦	૧૮૭૫
વાલ દેશી	૯૩૦	૧૭૦૧
ચોળી	૯૯૯	૨૨૩૫
વટાણા	૭૦૦	૧૧૮૯
રાજમા	૧૬૪૦	૨૧૮૪
સીંગદાણા	૧૬૨૫	૧૯૯૦
મગફળી જાડી	૧૨૧૧	૧૬૮૫
મગફળી જીણી	૧૨૫૦	૧૮૦૦
તલી	૨૨૫૦	૩૨૫૨
એરંડા	૧૦૦૦	૧૫૬૦
સોયાબીન	૧૧૬૦	૧૪૬૦
સીંગફાડા	૧૪૭૫	૧૬૪૦
કાળા તલ	૨૭૦૦	૪૦૦૦
લસણ	૧૧૭૦	૨૪૦૦
ધાણા	૨૭૦૦	૩૦૮૦
ધાણી	૨૮૧૦	૩૧૫૧
જીરૂ	૪૫૦૦	૫૨૦૦
રાય	૧૪૦૦	૨૦૦૧
મેથી	૧૧૪૦	૨૧૦૦
અજમો	૧૫૪૦	૧૬૬૦
કલોંજી	૪૪૦૦	૪૯૪૫
રાયડો	૧૩૫૦	૧૬૬૫
રજકાનું બી	૬૧૦૦	૮૮૦૦
ગુવારનું બી	૧૪૦૦	૧૫૬૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૯૧૮	૩૮૮૨
પપૈયા	૧૮૯	૩૭૯
ટમેટા	૨૭૮	૪૮૬
સુરણ	૪૨૨	૬૩૧
કોથમરી	૩૫૪	૭૯૩
મુળા	૨૧૫	૪૨૭
રીંગણા	૩૧૨	૬૮૯
કોબીજ	૬૫	૧૨૮
ફ્લાવર	૨૧૩	૩૯૭
ભીંડો	૬૧૨	૯૭૭
ગુવાર	૮૧૬	૧૫૮૦
ચોળાસીંગ	૭૨૩	૧૦૧૨
વાલોળ	૭૭૬	૧૧૬૫
ટીંડોળા	૩૧૧	૬૯૨
દુધી	૧૩૯	૨૬૪
કારેલા	૩૨૫	૫૧૮
સરગવો	૬૫૮	૧૩૦૫
તુરીયા	૪૨૩	૬૧૯
પરવર	૬૮૨	૮૭૯
કાકડી	૩૮૭	૮૮૫
ગાજર	૩૧૨	૪૮૮
વટાણા	૨૪૧૧	૨૯૯૨
તુવેરસીંગ	૬૨૧	૮૮૩
કંટોળા	૧૦૨૪	૧૪૩૧
ગલકા	૩૧૨	૫૩૩
બીટ	૩૮૪	૫૯૧
મેથી	૮૪૯	૧૫૫૨
વાલ	૮૮૩	૧૨૨૫
ડુંગળી લીલી	૨૭૩	૪૯૨
આદુ	૧૨૨૫	૩૦૧૮
મરચા લીલા	૨૬૨	૬૮૮
હળદર લીલી	૬૧૪	૮૦૨
લસણ લીલું	૨૦૨૧	૨૫૧૧
મગફળી લીલી	૫૫૪	૮૪૪
મકાઇ લીલી	૧૬૨	૩૧૨
બટેટા	૯૫	૩૧૬
ડુંગળી સુકી	૩૫૦	૭૭૧

ગોંડલ

કપાસ	૧૫૦૧	૧૯૭૬
ઘઉં લોકવન	૫૪૦	૬૪૬
ઘઉં ટુકડા	૫૩૦	૬૪૨
મગફળી જીણી	૧૦૯૧	૧૮૧૬
સિંગદાણા જાડા	૧૭૦૦	૧૮૬૧
સિંગ ફાડીયા	૧૦૦૦	૧૯૯૧
એરંડા / એરંડી	૧૪૦૧	૧૬૫૬
તલ લાલ	૨૨૭૬	૨૮૨૧
જીરૂ	૨૭૦૧	૫૩૪૧
ક્લંજી	૧૬૦૧	૪૯૭૧
ધાણા	૨૦૦૧	૩૨૪૧
લસણ સુકું	૯૫૧	૨૧૪૧
ડુંગળી લાલ	૨૬૧	૧૧૦૧
અડદ	૧૦૦૦	૧૯૩૧
તુવેર	૬૦૧	૧૯૬૧
મેથી	૧૧૦૧	૧૬૦૧
કાંગ	૩૨૬	૮૦૧
મગફળી જાડી	૧૦૭૧	૧૭૦૧
સફેદ ચણા	૧૩૦૧	૨૩૩૧
મગફળી દૂડ	૧૫૦૧	૨૩૨૧
તલ - તલી	૨૦૦૧	૩૨૦૧
ધાણી	૨૭૦૧	૩૧૫૧
બાજરો	૨૦૧	૪૯૧
જુવાર	૧૪૦૦	૧૪૦૦
મકાઇ	૪૫૧	૪૫૧
મગ	૧૨૭૬	૨૦૫૧
ચણા	૧૧૧૬	૧૫૧૧
વાલ	૪૫૧	૧૨૨૬
ચોળા / ચોળી	૧૩૫૧	૨૨૫૧
સોયાબીન	૧૨૫૦	૧૫૭૧
ગોગળી	૯૦૦	૧૪૦૧
વટાણા	૫૨૧	૧૧૯૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૪૦	૫૦૦
મરચા	૮૦	૮૦૦
ગુવાર	૪૦૦	૧૪૦૦
કોબી	૪૦	૧૪૦
દુધી	૧૦૦	૩૦૦
ફ્લાવર	૫૦	૪૦૦
કાકડી	૨૦૦	૧૦૦૦
રીંગણા	૨૦૦	૮૦૦
ભીંડો	૪૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૮૦૦
ગાજર	૨૦૦	૭૦૦
ટિંડોરા	૩૦૦	૬૦૦
વાલ	૮૦૦	૧૪૦૦
વટાણા	૨૦૦૦	૩૦૦૦
શક્કરીયા	૫૦૦	૬૦૦
કેરી કાચી	૧૦૦૦	૩૦૦૦
બટેટા	૨૦૦	૨૮૦
અંબાળા	૫૦૦	૮૦૦
લીલી હળદર	૬૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૮
લીમડો પુરા	૧૦	૧૫
તાંજરીયા પુરા	૩	૭
કોથમીર પુરા	૧	૨
મૂળા પુરા	૫	૭
આંબલી	૧૬૦૦	૧૮૦૦
કાચા કેળા	૧૪૦	૧૬૦
ફ્રુટ્ટ્રુટ્ટ્રુટ્ટ	૧	૫
ફ્રુટ્ટ્રુટ્ટ	૮૦૦	૧૨૦૦
ઘીસોડા	૩૦૦	૮૦૦
લીંબુ	૪૦૦	૨૬૦૦
મેથી પુરા	૭	૧૫
બીટ પુરા	૫	૧૨
ચોરા	૧૮૦	૧૦૦૦
કારેલા	૨૦૦	૬૦૦
વાલોર	૫૦૦	૧૦૦૦
મગફળી લીલી	૮૦૦	૧૦૦૦
કાચા પોપૈયા	૨૦	૩૦૦
આદુ	૮૦૦	૧૬૦૦
કુણશી	૧૦૦૦	૧૨૦૦
મકાઈ ડોડા	૧૮૦	૪૦૦
લસણ પુરા	૭	૧૦
પાલક પુરા	૩	૭

અમરેલી

ગીરનારી શીંગ	૧૦૦૦	૧૬૦૫
શિંગ મોટી	૯૦૦	૧૬૦૫
તલ સફેદ	૧૭૩૦	૩૫૧૫
તલ કાળા	૨૪૦૦	૪૨૦૦
તલ કાશમીરી	૨૫૨૫	૨૮૩૦
ઘઉં ટુકડા	૪૨૫	૬૭૦
ઘઉં લોકવન	૫૪૦	૫૬૫
અડદ	૧૭૯૫	૨૧૬૫
ચણા	૧૧૧૦	૧૫૭૦
સફેદ ચણા	૧૦૦૦	૧૬૦૦
છોલે ચણા	૧૭૦૦	૧૮૯૫
કપાસ	૧૨૧૦	૨૦૨૦
જીરૂ	૫૦૫૦	૫૧૩૦
સોયાબીન	૧૧૧૫	૧૪૭૫
રજકાનુ બી	૭૧૦૦	૯૫૦૦
રાયડો	૧૫૫૦	૧૫૬૫
બાજરો	૩૦૦	૩૯૫
શીંગદાણા ફાડા	૧૧૨૦	૧૭૫૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૪૦	૨૮૦
રીંગણા	૪૦૦	૭૦૦
ફ્લાવર	૨૦૦	૩૦૦
કોબીજ	૧૫૦	૨૨૦
શકકરીયા	૭૦૦	૯૦૦
ટમેટાં	૪૦૦	૫૦૦
સુરણ	૯૬૦	૧૦૩૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૩૧૦	૩૫૦
કારેલા	૫૦૦	૬૧૦
ગલકા	૪૦૦	૪૫૦
મૂળા	૧૪૦	૨૨૦
કાકડી	૪૦૦	૬૦૦
ગુવાર	૧૦૧૦	૧૪૩૦
વાલોળ	૧૦૨૦	૧૧૦૦
વટાણા	૨૯૫૦	૩૦૨૦
તુરીયા	૭૩૦	૮૨૦
ચીભડા	૫૦૦	૭૪૦
વાલ	૯૫૦	૧૦૦૦
ભીંડો	૭૦૦	૮૦૦
આદુ	૧૨૦૦	૧૪૦૦
કોથમીર	૫૦૦	૮૦૦
મેથીભાજી	૬૮૦	૭૯૦
ફોદીનો	૧૦૫૦	૧૨૫૦
ટીંડોરા	૫૩૦	૬૨૦
બીટ	૬૦૦	૭૦૦
સરગવો	૧૨૩૦	૧૩૦૦
લીમડો મીઠો	૧૭૦	૧૯૦
મરચાં લીલાં	૪૮૦	૮૩૦
મરચાં લાલ	૩૨૦	૭૦૦
ડુંગળી લીલી	૩૩૦	૪૨૦
ડુંગળી સુકી	૬૦૦	૮૪૦
લસણ લીલું	૨૦૦૦	૨૨૦૦
લસણ સુકું	૧૬૦૦	૨૨૫૦
પાલક	૬૦૦	૭૦૦
લીંબુ	૧૯૦૦	૩૦૫૦
મકાઈ	૨૫૦	૩૬૦
લીલી તુવેર	૧૦૦૦	૧૨૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૨૧	૧૭૪૧
શીંગ મોટી	૧૪૫૦	૧૭૨૫
તલ સફેદ	૨૮૦૦	૩૧૩૨
તલ કાળા	૩૨૦૦	૩૮૧૯
જીરૂ	૪૨૯૦	૪૯૪૫
કપાસ	૧૯૦૦	૨૦૦૩
ઘઉં લોકવન	૫૨૧	૫૪૦
ઘઉં ટુકડા	૫૩૩૫	૬૧૪
બાજરો	૩૫૦	૪૮૦
જુવાર	૯૦૦	૧૪૦૦
અડદ	૧૫૫૦	૨૦૫૧
ચણા	૧૨૭૫	૧૫૯૦
તુવેર	૧૪૫૦	૨૦૦૦
સોયાબીન	૧૨૨૧	૧૪૫૧
રાયડો/રાય	૧૫૦૦	૧૮૫૧
દેશી ચણા	૧૨૦૦	૧૫૫૦

ધારી

કપાસ	૧૫૨૦	૨૦૦૧
મગફળી	૧૫૧

અમરેલી તાલુકાના બે ગામોમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

માંગવાપાળ અને મોટા આંકડીયામાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વિકાસને વેગ આપવા અને ગ્રામજનોને વધુ સારી પાયાની સુવિધાઓ મળી રહે તેવા હેતુથી રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના માંગવાપાળ અને મોટા આંકડીયા ગામે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ બંને ગામોની મુલાકાત લઈ ગ્રામજનોની સુખાકારી અને સુવિધામાં વધારો કરતા વિકાસ પ્રકલ્પો જનતાને સમર્પિત કર્યા હતા.માંગવાપાળ ગામે અંદાજિત રૂ. ૨૨ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવા પંચાયત ભવનના નિર્માણથી ગ્રામજનોને સરકારી સેવાઓ મેળવવામાં સરળતા રહેશે અને પંચાયતની વહીવટી



કામગીરી વધુ સુવ્યવસ્થિત અને ઝડપી બનશે. આ સુવિધાથી ગ્રામ્ય સ્તરે વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મદદ મળશે. બીજી તરફ મોટા આંકડીયા ગામે સ્થાનિક વાહનવ્યવહાર અને ખેડૂતોની સુવિધાને ધ્યાનમાં રાખીને નવનિર્મિત પુલ એટલે કે નાના



કોઝ-વેનું પણ લોકાર્પણ કરી તેને લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પુલના કારણે સ્થાનિક લોકોને અવરજવરમાં સરળતા રહેશે અને ખેડૂતોને પણ પરિવહનની સુવિધામાં લાભ મળશે.

આ ઉપરાંત મોટા આંકડીયા ગામે વિદ્યાર્થીઓ અને યુવાનોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૩૫ લાખના ખર્ચે અદ્યતન પુસ્તકાલયનું નિર્માણ કરવામાં આવશે. આ પુસ્તકાલયના નિર્માણકાર્યનું રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. પુસ્તકાલય તૈયાર થવાથી વિદ્યાર્થીઓ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોને વાંચન માટે યોગ્ય વાતાવરણ અને ઉપયોગી પુસ્તકો ઉપલબ્ધ થશે.ગ્રામીણ વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો વિસ્તાર કરવાના પ્રયાસોના ભાગરૂપે હાથ ધરાયેલા આ વિકાસ કામોથી સ્થાનિક નાગરિકોને લાભ મળશે અને ગામોના વિકાસને નવી દિશા મળશે. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, અન્ય હોદ્દેદારો, તાલુકાના અગ્રણીઓ, ગામના સરપંચો અને પંચાયતના સભ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નવરાત્રીમાં સાયલન્ટ ઝોનમાં ડીજે વગાડવાના મામલે ગુજરાત હાઈકોર્ટની કડક સૂચના

અમદાવાદ,તા.૧૫

નવરાત્રી દરમિયાન સાયલન્ટ ઝોનમાં ડીજે વગાડી જાહેરનામાનો ભંગ કરવા અંગેની અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને સરપ્રાઈઝ ચેકિંગ કરવા સૂચન કર્યું છે. કોર્ટે તમામ ઓથોરિટી પાસેથી માહિતી મેળવી ધ્વનિ પ્રદૂષણ રોકવા ભરેલા પગલાં અંગે વિગતવાર જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે, આ પ્રશ્ન માત્ર વેરાવળનો નહીં પરંતુ સમગ્ર રાજ્યનો છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન સમસ્યા વધુ ગંભીર બને છે. આ મામલે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા રિપોર્ટ રજૂ કરાયો હતો. વર્ષ ૨૦૦૦ના પર્યાવરણ મંત્રાલયના નોટિફિકેશન મુજબ સાયલન્ટ ઝોનમાં લાઉડસ્પીકર અને ડીજે વગાડવા પર પ્રતિબંધ છે. હોસ્પિટલ આસપાસ રાત્રે અવાજની મર્યાદા ૪૫ ડેસિબલથી ઓછી રાખવાની હોય છે. જાહેર સ્થળે પોલીસની પૂર્વ મંજૂરી જરૂરી છે.

અમદાવાદમાં 'નવરાત્રીના ગરબામાં કોઈ વિધર્મી હોય તો બહાર નિકળી જાય' સ્ટેજ પરથી જાહેરાત

અમદાવાદ,તા.૧૫

નવરાત્રીમાં ખેલૈયાઓનો ઉત્સાહ દિન-પ્રતિદિન વધી રહ્યો છે અને મોડી રાત સુધી ગરબાની રમઝટ જામી રહી છે. અમદાવાદમાં ચોથા નોરતે વિવિધ પાર્ટી પ્લોટ અને ગરબા સ્થળોએ મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા. આદિત્ય ગઢવી, કિર્તીદાન ગઢવી, જીગરદાન ગઢવી અને ઐશ્વર્યા



મજમુદાર સહિતના કલાકારોના સૂર પર ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા. દરમિયાન, એસ. પી. રિંગ રોડ પર આવેલા આદિત્ય ગઢવીના રંગ મોરલા ગરબા સ્થળે બ્રેક દરમિયાન આર.જે. આકાશે સ્ટેજ પરથી જાહેરાત કરી હતી કે ગરબામાં કોઈ વિધર્મી હોય તો બહાર નીકળી જાય. તેમણે વિશ્વ હિન્દુ પરિષદની ટીમ સ્થળ પર કાર્યરત હોવાનું જણાવી હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો હતો. બીજી તરફ, ગરબા સ્થળોએ કેટલાક લોકોને ઓળખના આધારે બહાર કાઢવાની ઘટનાઓને લઈને ચર્ચા જોવા મળી રહી છે. રંગ મોરલા ગરબામાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડયા હતા.

ધોકડવાની IIFL ફાઇનાન્સ શાખામાં રૂ.૧.૪૨ કરોડની ઉચાપતનો પર્દાફાશ

ઉના,તા.૧૫



ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે આવેલી IIFL ફાઇનાન્સની ગોલ્ડ લોન શાખામાં રૂ.૧.૪૨ કરોડની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. સોનાના દાગીનાનું વજન ઓછું અને કેરેટ વધુ બતાવી ગેરરીતિ આચરવામાં આવી હતી. કંપનીના ખાસ ઓડિટમાં ૪૧ ગોલ્ડ લોનમાં ગેરરીતિ મળી આવી હતી. ઉપરાંત ૧૭ ગ્રાહકોને વધુ લોન અપાવી વધારાની રકમ બ્રાન્ચ મેનેજર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરતા હોવાનો આક્ષેપ છે. પોલીસે ગુનો નોંધી બ્રાન્ચ મેનેજર ભાવસિંહ વાળાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરમાં ખોડલધામ નવરાત્રી મહોત્સવમાં ચોથા નોરતે જનમેદની ઉમટી

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેરમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત નવરાત્રી મહોત્સવના ચોથા નોરતે ચારેય ઝોનમાં ભારે જનમેદની વચ્ચે મા ખોડલની ભક્તિભાવપૂર્વક આરાધના કરવામાં આવી હતી. શહેરના નોર્થ, સાઉથ, ઈસ્ટ અને વેસ્ટ ઝોનના તમામ ગ્રાઉન્ડ ખેલૈયાઓની



વિશાળ ઉપસ્થિતિથી શોભી ઉઠ્યા હતા. ઉત્સવ દરમિયાન સુપ્રસિધ્ધ ગાયકોએ 'ખોડલ રમવા આવો...', 'જા કાગવડ જા...' તેમજ 'જીણા મોર બોલે મારી ખોડલના રાજમાં...' જેવા લોકપ્રિય ગીતો અને ડાકલાની રમઝટ બોલાવીને ખેલૈયાઓને મન મૂકીને ઝૂમવા મજબૂર કર્યા હતા. આ ઉપરાંત ખેલૈયાઓએ દેશભક્તિના ગીતો પર પણ ઉત્સાહભેર ગરબે ઘૂમીને દેશપ્રેમનો રંગ દર્શાવ્યો હતો. કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ ગરબા રમનાર તેમજ આકર્ષક વેશભૂષા ધારણ કરનાર ખેલૈયાઓને દરરોજ પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવી રહ્યા છે.

કચ્છના ધોરડો ગામે BSFનો નાગરિક કલ્યાણ કાર્યક્રમ યોજાયો, આવશ્યક સુવિધાઓ અર્પણ

ભુજ,તા.૧૫

સરહદની સુરક્ષા સાથે સરહદી વિસ્તારોમાં વસતા નાગરિકોના કલ્યાણ અને વિકાસ માટે પણ સીમા સુરક્ષા દળ (BSF) સતત પ્રયત્નશીલ રહે છે. આ અભિગમ સાથે BSFની ૯૦મી બટાલિયન દ્વારા કચ્છના ધોરડો ગામની સરકારી પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૨૬-૨૭ના નાગરિક કલ્યાણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ



પહેલ અંતર્ગત સરહદી વિસ્તારની છ સરકારી શાળાઓને અંદાજે પાંચ લાખ રૂપિયાની રમતગમતની સામગ્રી અને આવશ્યક સુવિધાઓ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૯૦મી બટાલિયન BSFના કમાન્ડન્ટ વિજય કુમાર સહિત BSFના અધિકારીઓ, સ્થાનિક જનપ્રતિનિધિઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે રમતગમતમાં આગળ વધવાની તક પુરી પાડવાનો અને શાળાઓમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો. BSFની આ પહેલથી સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે અને શૈક્ષણિક તથા રમતગમત ક્ષેત્રે વિકાસને વેગ મળશે.

ઘોકડવા મોક્ષધામમાં રૂ. ૧૨ લાખના ખર્ચે નિર્મિત સ્નાનઘાટનું લોકાર્પણ

ઉના,તા.૧૫

ગીરગઢડા તાલુકાના ઘોકડવા ગામે આવેલા મોક્ષધામ ખાતે સ્વ. વનરાજભાઈ જીકુભાઈ દરબારના સ્મરણાર્થે રૂ. ૧૨ લાખના ખર્ચે તૈયાર કરાયેલ સ્નાનઘાટનું લોકાર્પણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા



હતા. સ્નાનઘાટના નિર્માણથી અંતિમ સંસ્કાર બાદ ધાર્મિક વિધિ અને સ્નાન માટે આવતા લોકોને સુવિધા મળશે. આ તકે ભૂતડા દાદા મંદિર ખાતે ધારાસભ્યની શાકર તુલા કરવામાં આવી હતી. અન્નપૂર્ણા આશ્રમ ખાતે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન થયું હતું. ધારાસભ્યએ તર્પણ ગૃહના નિર્માણ માટે રૂ. ૫ લાખના અનુદાનની જાહેરાત કરતા ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

સુરત શહેરના લોકોએ ખાડી પૂરથી રાહત આપવા રાજ્ય સરકારે કામગીરી શરૂ કરી

સુરત,તા.૧૫

સુરત શહેરમાં આ ચોમાસા દરમિયાન ત્રણ વખત ખાડી પૂરના પાણી ફરી વળતાં હજારો પરિવારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવે સુરતીઓને આ સમસ્યામાંથી કાયમી રાહત આપવા રાજ્ય સરકારે પગલાં ભરવાની શરૂઆત કરી છે. યોજના હેઠળ પ્રથમ તબક્કામાં મીઠી ખાડીના ડ્રેજિંગ માટે આશરે રૂ. ૨૨ કરોડનો ખર્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ કામગીરી અંતર્ગત મીઠી ખાડીના ૧૩ કિલોમીટર લાંબા વિસ્તારમાં ત્રણથી ચાર ફૂટ ઊંડાઈ સુધી ડ્રેજિંગ કરીને કાંપ અને કાદવ દૂર કરવામાં આવશે. જેથી ચોમાસા દરમિયાન પાણીનો પ્રવાહ અવરોધ વિના સરળતાથી વહી શકે અને નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં પૂરનું જોખમ ઘટાડી શકાય. આ કામગીરીથી ખાડીની જળવહન ક્ષમતા વધારવામાં મદદ મળશે અને સ્થાનિક લોકોને રાહત મળશે.

મોઠા ગામે 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ યોજાયું

ઉના,તા.૧૫

ઉના તાલુકાના મોઠા ગામે 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

ત્યારબાદ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવવા સંદેશ



આપ્યો હતો. વૃક્ષોનું જતન કરવા અપીલ કરાઈ હતી. આ પ્રસંગે જિલ્લા બાયો ડાયવર્સિટી ચેરમેન અજીતસિંહ ગોહિલ, સરપંચ હનુભાઈ ગોહિલ, રાવતસિંહ ગોહિલ, જાલમભાઈ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

-:: જાહેર નોટીસ ::-

ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. ૭૯ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.

ફો.પ.અ.નં.૧૨૫/૨૦૨૬

અકબરી નાગજીભાઈ જેરામભાઈ
રહે.ખીલાવડ, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી
ખીલાવડ ગ્રામપંચાયત .....સામાવાળા

અરજદારના વિ.વકીલ શ્રી :- એમ.આર.બ્લોચ

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૨૫/૨૦૨૬થી જન્મનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર અકબરી નાગજીભાઈ જેરામભાઈ નાઓ એ તેમના પુત્રી ભાવનાબેન નાગજીભાઈ અકબરી નાઓનુ જન્મનું પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખ:- ૧૭/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઈ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૫ માહે ઓકટોબર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (આર.એ.ઝાલા) આસીસ્ટન્ટ મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (એસ.પી.ચાવડા) રજીસ્ટ્રાર, મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા

ઉનામાં વ્યાજખોરી વિરૂધ્ધ જિલ્લા પોલીસ વડા જયદિપસિંહ જાડેજાનો લોકદરબાર યોજાયો

ઉના,તા.૧૫

ગીર સોમનાથ જિલ્લામાં વ્યાજખોરીને ડામવા પોલીસ દ્વારા પ્રયાસો તેજ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે તા. ૧૪ ઓક્ટોબરના રોજ ઉના પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસવડા જયદીપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને વ્યાજખોરી વિરુદ્ધ લોક દરબાર યોજાયો હતો. આ લોક દરબારમાં ઉના અને ગીરગઢડા તાલુકામાંથી



તસવીર : કૈલાશ ભટ્ટ

વ્યાજખોરીને લગતી કુલ ચાર ફરિયાદો મળી હતી. પોલીસવડાએ ફરિયાદીઓને સાંભળીને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું અને સંબંધિત અધિકારીઓને ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે કાયદાની મર્યાદામાં રહીને જ વ્યાજ વસૂલી શકાય છે. માસિક દોઢ ટકા અને વાર્ષિક ૧૮ ટકાથી વધુ વ્યાજ વસૂલનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પીડિતોને ડર્યા વિના પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી હતી. ફરિયાદો હકીકતો અને પુરાવા આધારિત હોવી જરૂરી હોવાનું જણાવી નિષ્પક્ષ તપાસની ખાતરી આપી હતી. અગાઉ કોડીનારમાં લોક દરબાર યોજાયો હતો અને આગામી દિવસોમાં તાલાલા તથા સુત્રાપાડામાં પણ આયોજન કરવામાં આવશે.

-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.૨૮૨/૨૦૨૬
જન્મ તારીખ : ૧૦/૦૯/૧૯૮૧

વાકોટ જીલુબેન હુસેનભાઈ,
રહે.છાછર, ગામ-છાછર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ --અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છાછર, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ --સામાવાળા

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાકોટ જીલુબેન હુસેનભાઈ,રહે છાછર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હુસેનભાઈ બચુભાઈ વાકોટ તથા વાકોટ જીલુબેન હુસેનભાઈ ના પુત્રી વાકોટ મુમતાજબેન હુસેનભાઈનો જન્મ તારીખ ૧૦/૦૯/૧૯૮૧ના રોજ કોડીનાર તાલુકાના છાછર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ઘારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૮/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (એચ.કે.ભાસ્કર) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કોડીનાર

યાત્રાધામ ડાકોરમાં નવરાત્રીની રાત્રે થયેલી જૂથ અથડામણમાં એકનું મોત, ૯ ઘાયલ

ડાકોર, તા.૧૫



યાત્રાધામ ડાકોરની નવી નગરી વિસ્તારમાં નવરાત્રીની મધરાતે જૂની અદાવતને લઈને બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સત્યમ સોસાયટી નજીક બનેલી આ ઘટનામાં પથ્થરમારો અને ધારિયાં સહિતનાં તીક્ષ્ણ હથિયારોથી હુમલો થતાં નવ લોકો ઘાયલ થયા હતા. ગંભીર રીતે ઘાયલ સુલતાન શેખનું સારવાર દરમિયાન મોત થયું હતું. ઘાયલોને ડાકોરની સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર હાલતને કારણે કેટલાકને નડિયાદ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, નગરપાલિકાની અગાઉની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારને મત આપવા બાબતની અદાવતથી બોલાચાલી શરૂ થઈ હતી, જે બાદમાં હિંસક બની હતી. ઘટનાની જાણ થતાં ડાકોર પોલીસ, ડીવાયએસપી સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. પોલીસે બંને પક્ષના કુલ ૧૬ આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વિસ્તારમાં એસઓજી અને એલસીબી સહિતની ટીમો તૈનાત કરી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

પાકિસ્તાનમાં શાળાની છત ધરાશાયી થતાં ૨૯ બાળકો સહિત ૩૦નાં મોત, ૩૦થી વધુ ઘાયલ

ઈસ્લામાબાદ, તા.૧૫



પાકિસ્તાનના પેશાવરના આફ્રિદી અબાદ વિસ્તારમાં ગુરુવારે એક ખાનગી શાળાની છત ધરાશાયી થતાં ૨૯ બાળકો સહિત ૩૦ લોકોનાં મોત થયાં હતાં. મૃતકોમાં એક મહિલા શિક્ષિકાનો પણ સમાવેશ થાય છે. લેડી રીડિંગ હોસ્પિટલના અધિકારી આસીમ ખાને મૃત્યુઆંકની પુષ્ટિ કરી હતી. મૃતક બાળકોની ઉંમર ૭ થી ૧૩ વર્ષની વચ્ચે હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટનામાં ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી છની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. ઘટનાની જાણ થતાં બચાવ ટીમો, ૧૧૨૨ની એમ્બ્યુલન્સ અને આપત્તિ રાહત વાહનો સ્થળ પર પહોંચ્યાં હતાં. કાટમાળ નીચે વધુ લોકો ફસાયેલા હોવાની આશંકાને પગલે શોધ અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. હોસ્પિટલમાં કટોકટી જાહેર કરવામાં આવી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરીને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પાકિસ્તાનમાં નબળાં બાંધકામ અને સલામતીના ધોરણોના અભાવે મકાનો ધરાશાયી થવાની ઘટનાઓ બનતી રહે છે. આ દુર્ઘટનાને પગલે શાળાઓની ઈમારતોની સુરક્ષા અંગે ફરી ચિંતા ઊભી થઈ છે.

સુપ્રીમ કોર્ટમાં સૂત્રોચ્ચાર મામલે રાહુલ ગાંધીને ઠપકો, નોટિસ જારી

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટ પરિસરમાં સૂત્રોચ્ચાર અને કથિત ખલેલના મામલે આજે સુનાવણી યોજાઈ હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ઠપકો આપતાં નોટિસ જારી કરી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે કોઈ પણ ન્યાયતંત્રને ડરાવી શકે નહીં. વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટિયાએ કોર્ટ પરિસરમાં થયેલી ઘટનાનો મુદ્દો ઉઠાવી જણાવ્યું હતું કે ૨૦૦ વકીલોએ આ અંગે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનને પત્ર લખ્યો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ આ મુદ્દે રજૂઆત કરી હતી. કોર્ટે ઈન્ડિયા ગઠબંધનના વિરોધ દરમિયાન કોર્ટ પરિસરમાં લગાવાયેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ સાચવી રાખવાનો નિર્દેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૧૨ ઓક્ટોબરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી નેતાઓએ ચૂંટણી પંચ અને મતદાર યાદીઓની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયાના મુદ્દે સુપ્રીમ કોર્ટ તરફ કૂચ કરી હતી.

અમેરિકન ગાયિકાએ સીજેપી પર ભંડોળ મેળવવાનો આરોપ લગાવ્યો, અભિજીત દીપકેએ આક્ષેપો ફગાવ્યા

નવી દિલ્હી, તા. ૧૫



અમેરિકન ગાયિકા મેરી મિલબેન ભારતના સીજેપી વિરોધ પ્રદર્શનો અંગેની સોશિયલ મીડિયા પોસ્ટને કારણે ચર્ચામાં આવી છે. તેમણે સીજેપી અને તેના સ્થાપક અભિજીત દીપકને અમેરિકામાંથી ભંડોળ મળતું હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમના દાવા મુજબ, આર્થિક સહાય આપનારા કેટલાક દાતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના નેતૃત્વનો વિરોધ કરે છે. મેરી મિલબેને યુવાનોને સીજેપીની વિચારધારા સામે શાંતિપૂર્ણ વિરોધ કરવાની અપીલ પણ કરી હતી. આ પોસ્ટના જવાબમાં અભિજીત દીપકે સવાલ ઉઠાવ્યો હતો કે વિદેશી નાગરિકોને ભારતની આંતરિક બાબતોમાં દખલ કરવાનો અધિકાર કોણે આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ભારત પોતાના મુદ્દાઓ ઉકેલવા સક્ષમ છે. ત્યારબાદ મેરી મિલબેને વળતો જવાબ આપતાં કહ્યું હતું કે અભિજીતે પોતાની પ્રતિભા અને અમેરિકન શિક્ષણનો સકારાત્મક ઉપયોગ કરવો જોઈએ તથા દેશની પ્રગતિ માટે અવાજ ઉઠાવવો જોઈએ. જોકે, અમેરિકાથી ભંડોળ મળતું હોવા અંગેના આરોપોની પુષ્ટિ અહીં ઉપલબ્ધ નથી.

રાજપાલ યાદવે રૂ. ૨ કરોડ જમા કરાવ્યા, ચેક બાઉન્સ કેસ મધ્યસ્થી માટે મોકલાયો

નવી દિલ્હી, તા.૧૫



બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવ સાથે સંકળાયેલા સાત ચેક બાઉન્સ કેસોમાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અભિનેતાએ કોર્ટ રજિસ્ટ્રીમાં રૂ. ૨ કરોડ જમા કરાવતાં વિવાદને મધ્યસ્થી માટે મોકલવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જાયમલ્યા બાગચીની બેન્ચે બંને પક્ષોને પરસ્પર સમાધાનનો પ્રયાસ કરવા જણાવ્યું હતું. રાજપાલ યાદવના વકીલે દાવો કર્યો હતો કે આ રકમ એકત્ર કરવા અભિનેતાએ પૂર્વજોની મિલકત વેચી હતી. કોર્ટે પાસપોર્ટ અંગેની અરજી પર પણ વિચારણા કરી હતી અને ટ્રાયલ કોર્ટની શરતોને આધીન પાસપોર્ટ જારી કરવા નિર્દેશ આપ્યો હતો.

મેરઠ હત્યા કેસમાં મુસ્કાન અને સાહિલને ફાંસી મથુરા જેલમાં આપવામાં આવે તેવી સંભાવના

મેરઠ, તા.૧૫



મેરઠના સૌરભ રાજપૂત હત્યા કેસમાં દોષિત પત્ની મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલને અદાલતે મૃત્યુદંડની સજા ફટકારી છે. મુસ્કાનને ઉત્તર પ્રદેશની એકમાત્ર મહિલા ફાંસી સુવિધા ધરાવતી મથુરા જેલમાં ફાંસી આપવામાં આવી શકે છે. જોકે, સેશન્સ કોર્ટના ચુકાદાને હાઈકોર્ટની પુષ્ટિ સહિતની કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ સજાનો અમલ થઈ શકશે. જેલ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુસ્કાનની ૧૦ મહિનાની પુત્રી હાલમાં તેની સાથે રહેશે. તેની સાત વર્ષની મોટી પુત્રીને મળવા માટે પણ મુસ્કાન વિનંતી કરી રહી છે. બંને દોષિતોને કોર્ટના આદેશ બાદ દોષિત કેદીઓ તરીકે રાખવામાં આવશે. મથુરા જેલમાં આઝાદી બાદ કોઈ મહિલાને ફાંસી આપવામાં આવી નથી. બીજી તરફ, અમરોહાના શબનમની દયા અરજી હજુ પેન્ડિંગ છે. મુસ્કાન અને સાહિલને કઈ જેલમાં રાખવા તે અંગેનો નિર્ણય કોર્ટના વિગતવાર આદેશ બાદ લેવાશે.

અંકિતા ભંડારીના માતા-પિતાની અટકાયત મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ ખડગેની કેન્દ્ર સરકાર પર ટીકા

નવી દિલ્હી, તા. ૧૫



અંકિતા ભંડારીના માતા-પિતાની દિલ્હી પોલીસ દ્વારા અટકાયત કરવાના મામલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી છે. તેમણે આ કાર્યવાહીને સરકારની અસંવેદનશીલતા ગણાવી હતી. અંકિતાના માતા-પિતા તેમની પુત્રીને ન્યાય મળે અને સીબીઆઈ તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી દુષ્યંત ગૌતમની સિક્કિમના રાજ્યપાલ તરીકેની નિમણૂક અટકાવવામાં આવે તેવી માગ કરી રહ્યા છે. ઈન્ડિયા ગેટ ખાતે વિરોધ દરમિયાન તેમની અટકાયત કરવામાં આવી હતી, જોકે બાદમાં તેમને મુક્ત કરાયા હતા. કોંગ્રેસના નેતાઓએ પણ પોલીસ કાર્યવાહીનો વિરોધ કરીને નિમણૂક અંગે સવાલો ઉઠાવ્યા હતા. અંકિતા ભંડારીની ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ હત્યા થઈ હતી. આ કેસમાં રિસોર્ટના માલિક પુલકિત આર્ય અને તેના બે સહયોગીઓને આજીવન કેદની સજા થઈ છે. કથિત વીઆઈપીની ભૂમિકા અંગે તપાસની માગ ઉઠી છે. જોકે, દુષ્યંત ગૌતમે તેમની સામેના આરોપો નકારી કાઢ્યા છે અને માનહાનિનો દાવો દાખલ કર્યો છે.

રશિયામાં જાપાની પત્રકારની જાસૂસીના આરોપસર ધરપકડ, બંને દેશો વચ્ચે તણાવ વધ્યો

ટોક્યો, તા.૧૫



રશિયામાં જાપાની અખબારના પત્રકાર યુકી ઈમાઈની જાસૂસીના આરોપસર ધરપકડ કરવામાં આવતાં બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. રશિયાની સુરક્ષા એજન્સીએ તેમના પર સંરક્ષણ સંબંધિત માહિતી એકત્રિત કરવાનો આરોપ લગાવ્યો છે.

જાપાને ધરપકડનો વિરોધ કરીને સ્પષ્ટતા, રાજદ્વારી મુલાકાત અને માનવીય વર્તનની માગ કરી છે. કુરિલ ટાપુઓ અંગેના જૂના પ્રાદેશિક વિવાદને કારણે પણ બંને દેશોના સંબંધોમાં તણાવ છે.

અમેરિકામાં હિન્દુ મંદિર પર હુમલાનું કાવતરું નિષ્ફળ, ૧૯ વર્ષીય યુવકની કરાઈ ધરપકડ

વોશિંગ્ટન, તા.૧૫

અમેરિકાના ઈલિનોઈસ રાજ્યના ઓરોરામાં હિન્દુ મંદિર પર હુમલાનું કથિત કાવતરું ઘડવાના આરોપસર ૧૯ વર્ષીય યુવકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પાસેથી રાઈફલ, દારૂગોળો અને અન્ય વ્યૂહાત્મક સાધનો સંબંધિત પુરાવા મળ્યા છે. તપાસ દરમિયાન ભારતીય મૂળના લોકો સામે હિંસાની હાકલ કરતો શ્વેત સર્વોપરીતાવાદી વિચારધારા દર્શાવતો પત્ર પણ મળ્યો હતો. આરોપી પર આતંકવાદી ધમકી આપવા અને ગેરકાયદે હથિયાર રાખવા સહિતના આરોપો મૂકવામાં આવ્યા છે. પોલીસે એફબીઆઈ સાથે મળીને તપાસ શરૂ કરી છે. કેસની આગામી સુનાવણી ૩૦ ઓક્ટોબરે યોજાવાની છે. જોકે, આરોપો અંગે કોર્ટનો અંતિમ નિર્ણય હજુ બાકી છે.

અભિનેતા નાના પાટેકરની પ્રાર્થના સભામાં ફિલ્મી હસ્તીઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી

મુંબઈ, તા.૧૫



નાના પાટેકરને શ્રધ્ધાંજલિ આપવા યોજાયેલી પ્રાર્થના સભામાં અનેક કલાકારો હાજર રહ્યા હતા. મહારાષ્ટ્રના એસડીઆરએફ કમિશનર તુકારામ મુંધે, અભિનેત્રી વર્ષા ઉસગાંવકર અને અભિનેતા શિવાજી સાટમ સહિતની હસ્તીઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

અહેવાલ મુજબ, બોલિવૂડમાંથી જેકી શ્રોફ, અનીસ બઝમી, અનિલ શર્મા અને સાજિદ નડિયાદવાલા અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતા. મરાઠી ફિલ્મ ઉદ્યોગના મકરંદ અનાસપુરે, પ્રસાદ ઓક તથા ગાયકો રાહુલ દેશપાંડે અને સુરેશ વાડકરે પણ અંતિમ દર્શન કર્યા હતાં.

દિલ્હી ખાતે વડાપ્રધાન મોદીએ વર્લ્ડ સ્કિલ્સ સ્પર્ધાના સહભાગીઓ સાથે મુલાકાત કરી

નવી દિલ્હી, તા.૧૫



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ ઓક્ટોબરે નવી દિલ્હીમાં પોતાના નિવાસસ્થાને ૪૮મી વર્લ્ડ સ્કિલ્સ સ્પર્ધામાં ભાગ લેનારા ભારતીય સહભાગીઓ સાથે મુલાકાત કરી હતી. ચીનના શાંઘાઈમાં ૨૨થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં ભારતીય ટીમે ૧૦મું સ્થાન મેળવ્યું હતું. ટીમે છ રજત ચંદ્રકો અને શ્રેષ્ઠતા માટેના ૨૦ મેડલ જીત્યા હતા. દેશભરમાંથી ૭૦ સહભાગીઓએ ૬૩ કૌશલ્ય ક્ષેત્રોમાં ભાગ લીધો હતો. વડાપ્રધાને વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ સહભાગીઓને અભિનંદન આપ્યાં હતાં. તેમણે વ્યવહારુ કૌશલ્યોનું મહત્ત્વ સમજાવી યુવાનોને નવી ટેકનોલોજી શીખવા અને પોતાની ક્ષમતાઓ સતત વિકસાવવા પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ સહભાગીઓને કૌશલ્ય વિકાસના રાજદૂત બનીને પોતાના અનુભવો અને સૂચનો દ્વારા દેશની કૌશલ્ય તાલીમ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અપીલ કરી હતી. તેમણે કૌશલ્ય તાલીમ સંસ્થાઓનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું.

ચીનની મદદથી બેલિસ્ટિક મિસાઈલો બનાવવાની યમનના હુતી બળવાખોરોએ તૈયારીઓ શરૂ કરી

દુબઈ, તા.૧૫



યમનના ઈરાન સમર્થિત હુતી બળવાખોરો ચીનથી મેળવેલા વિશિષ્ટ ઘટકોની મદદથી મધ્યમ અંતરની બેલિસ્ટિક મિસાઈલો વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો અહેવાલ સામે આવ્યો છે. બ્રિટનસ્થિત સંસ્થા કોન્ફ્લિક્ટ આર્મામેન્ટ રિસર્ચના અહેવાલ મુજબ, જુલાઈમાં યમનના અધિકારીઓએ ચીનથી આવેલા અને હોડેદાહ બંદર માટે મોકલાયેલા શંકાસ્પદ સાધનોનાં બે જથ્થા અટકાવ્યા હતા. તેમાં મિસાઈલના વિવિધ ભાગો અને ગરમીથી રક્ષણ આપતી સામગ્રી મળી આવી હતી. વિશ્લેષકોના મતે, આ ઘટનાઓ હુતી બળવાખોરોની સ્થાનિક શસ્ત્ર ઉત્પાદન ક્ષમતા વધારવાની મહત્ત્વાકાંક્ષા દર્શાવે છે. અત્યાર સુધી આ જૂથ ઈરાન પાસેથી શસ્ત્રોની ડિઝાઈન અને જરૂરી ઘટકો મેળવતું હોવાનું કહેવાય છે. હવે અન્ય દેશોમાંથી પુરવઠો મેળવવાના પ્રયાસો પશ્ચિમ એશિયાની સુરક્ષા માટે ચિંતાનો વિષય બની શકે છે. જોકે, ચીનની સરકારની સંડોવણી અંગે અહેવાલમાં કોઈ અંતિમ પુષ્ટિ કરવામાં આવી નથી.

રાજ્ય સરકાર દ્વારા દિવાળી પૂર્વે એસ.ટી. કર્મચારીઓના ડીએમાં કર્યો ૨% નો વધારો

અમદાવાદ,તા.૧૫



ગુજરાત સરકાર દ્વારા દિવાળીના તહેવારો પહેલાં રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ આર્થિક રાહતની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)માં ૨ ટકાનો સાનુકૂળ વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નવા વધારા સાથે હવેથી એસ.ટી. કર્મચારીઓને ૬૦ ટકાના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. અગાઉ જૂન માસમાં ડીએ ૫૫% થી વધીને ૫૮% કરાયું હતું, જેના લીધે છેલ્લા ત્રણ મહિનામાં કુલ ૫ ટકાનો વધારો થયો છે. આ નિર્ણય અંગે માહિતી આપતાં મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ એટલે કે એરિયર્સની પણ સીધી બેંક ખાતામાં ચુકવણી કરવામાં આવશે. આ પગલાથી તહેવારો સમયે હજારો કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઈ ગયો છે.

રાજકોટમાં થયેલી ચકચારી લૂંટ અને હત્યા કેસમાં ગણતરીના કલાકોમાં ૯ પરપ્રાંતિય શખ્સો ઝડપાયા

રાજકોટ,તા.૧૫



રાજકોટના આજી જીઆઈડીસી વિસ્તારમાં 'તનવી ગોલ્ડ'ના કર્મચારી લાલજીભાઈની ફાયરિંગ કરીને સોનાના દાગીનાની બેગ લૂંટી હત્યા કરવાના ચકચારી કેસનો પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે.

આજી વસાહતમાંથી પસાર થઈ રહેલા કર્મચારીને આંતરીને લૂંટારુઓએ છાતીના ભાગે ગોળી મારી હત્યા કરી દાગીનાની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા. સારવાર દરમિયાન કર્મચારીનું મોત નિપજતાં સમગ્ર રાજ્યમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ઘટનાના સામે આવેલા સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ કમિશનર અને ક્રાઈમ બ્રાન્ચે ૩ અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. આ ભયાનક ગુનાને અંજામ આપનાર પરપ્રાંતિય શખ્સોની ગેંગ તથા ચોક્કસ બાતમીના આધારે ૯ આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનથી દબોચી લીધા છે.

પોલીસ ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સ યોજી આ કેસના વધુ ખુલાસા કરશે.

અમદાવાદના દાણીલીમડા-પીરાણા રોડ પર હલકી ગુણવત્તાનો ટોમેટો સોસ ઝડપાયો

અમદાવાદ,તા.૧૫

ફૂડ વિભાગે ૨૦૦૦ કિલો રો મટીરીયલ સહિત ટોમેટો સોસનો જથ્થો જપ્ત કર્યો

અમદાવાદ શહેરના બહેરામપુરા વોર્ડમાં દાણીલીમડા-પીરાણા રોડ પર આવેલા એસ્ટેટમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે કાર્યવાહી કરી હતી. અહીં લાયસન્સ વિના અને અસ્વચ્છ પરિસ્થિતિમાં હલકી ગુણવત્તાનો ટોમેટો સોસ બનાવવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. સેન્ડવીચ અને બર્ગરમાં ઉપયોગમાં લેવાતા આ સોસમાં બટાકાનો પાવડર અને યોગ્ય ગુણવત્તા વિનાના પદાર્થોનો ઉપયોગ થતો હોવાના પગલે તપાસ કરવામાં આવી હતી. ફૂડ વિભાગે ૨૦૦૦ કિલો રો મટીરીયલ સહિત ટોમેટો સોસનો જથ્થો જપ્ત કર્યો હતો. સાથે જ સંબંધિત જગ્યાને સીલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અમદાવાદના ગીતામંદિર મોબાઈલ માર્કેટમાં નકલી ફોનનું કૌભાંડ ઝડપાયું, ૧૪ વેપારી સામે ગુનો

અમદાવાદ,તા.૧૫



અમદાવાદના ગીતામંદિર એસ. ટી. બસ સ્ટેશન માર્કેટમાં બ્રાન્ડેડ કંપનીના લોગોનો દુરુપયોગ કરીને નકલી મોબાઈલ વેચવાના કૌભાંડનો એલસીબી ઝોન-૬ ની ટીમે પર્દાફાશ કર્યો છે. તપાસ દરમિયાન સેમસંગ કંપનીના કથિત ટ્રેડમાર્કવાળા ૧,૦૩૪ નકલી મોબાઈલ ફોન, લેપટોપ, ચાર્જર અને બેટરીઓ મળીને કુલ રૂ.૭.૦૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. બ્રાન્ડેડ કંપનીના પ્રતિનિધિની મદદથી કરાયેલી તપાસમાં આ તમામ સામાન બનાવટી હોવાનું સામે આવ્યું હતું. ગીતામંદિર માર્કેટના રિટેલ વેપારીઓ કાલુપુર રિલીફ રોડના સપ્લાયર્સ પાસેથી બિલ વગર આ માલ ખરીદતા હોવાનું ખુલ્યું છે. આ મામલે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં રમેશ સોલંકી સહિત ગીતામંદિરના ૬ રિટેલર્સ અને કાલુપુરના ૮ જથ્થાબંધ સપ્લાયર્સ મળી કુલ ૧૪ લોકો સામે ટ્રેડમાર્ક્સ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પાવાગઢ પર શોર્ટકટ રસ્તે જતો યુવક ખીણમાં ખાબકતા મોત

પંચમહાલ,તા.૧૫



પંચમહાલના પ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નવરાત્રી દર્શનાર્થે આવેલા ૨૨ વર્ષીય યુવક અનિલ શંકર ભીલનું ૧૦૦૦ ફૂટ ઊંડી ખીણમાં પટકાવવાથી દર્દનાક મોત નીપજ્યું છે. વડોદરા રહેતો યુવક મિત્રો સાથે ભદ્રકાળી મંદિર તરફ જવા નક્કી કરેલા સુરક્ષિત રસ્તાને બદલે જોખમી શોર્ટકટ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક પગ લપસી જતાં તેણે સંતુલન ગુમાવ્યું હતું. એસડીઆરએફ અને ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. તંત્રએ શ્રધ્ધાળુઓને જોખમી રસ્તાઓ ન અપનાવવા અપીલ કરી છે.

રાજકોટ શહેરમાં સગી જનેતાએ બાળકીને પાંચમાં માળેથી ફેંકી દીધી હોવાનો ખુલાસો

રાજકોટ,તા.૧૫



રાજકોટના કુવાડવા રોડ વિસ્તારની સોસાયટીમાં સવા બે વર્ષની માસૂમ બાળકીના મોતના કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. પાંચમા માળેથી નીચે પટકાતાં થયેલા બાળકીના મોત બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળે આશરે ચાર ફૂટ ઊંચી દિવાલ હોવાથી બાળકી જાતે પડી ન શકે તે શંકાના આધારે બી-ડિવિઝન પોલીસે સોસાયટીના સીસીટીવી ફૂટેજ ચકાસી ૧૪ લોકોની પૂછપરછ કરી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન શરૂઆતમાં અન્યો પર આક્ષેપ કરનાર માતાએ જ બાળકીને પાંચમા માળેથી નીચે ફેંકી દીધી હોવાની કબૂલાત કરી છે. પતિ સાથેના વિવાદ અને માતાના અંગત સંબંધોના કારણે આ ભયાનક કૃત્ય આચરવામાં આવ્યું હોવાની આશંકા છે. હાલ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદના વસ્ત્રાપુરમાં ગરબા રમવા ગયેલા કર્મચારીઓની ઓફિસમાંથી ૪૭ લેપટોપની ચોરી

અમદાવાદ,તા.૧૫



અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી ચિપ ડિઝાઇનિંગ કંપનીની ઓફિસમાંથી રૂ. ૧૫ લાખની કિંમતનાં ૪૭ લેપટોપ ચોરાયાની ઘટના સામે આવી છે. ૧૩ ઓક્ટોબરની રાત્રે નવરાત્રી નિમિત્તે કંપનીના કર્મચારીઓ ગરબા રમવા બહાર ગયા હતા, ત્યારે ઓફિસનો મુખ્ય દરવાજો લોક કર્યા વિના ખુલ્લો રહી ગયો હતો. આ તકનો લાભ ઉઠાવી એક અજાણ્યો શખ્સ ઓફિસમાં પ્રવેશી સર્વર રૂમમાંથી સીસીટીવી કેમેરાની સ્વીચ બંધ કરીને ચોરી આચરી ફરાર થઈ ગયો હતો. રાત્રે ગરબા રમીને ઓફિસે પરત ફરેલા કર્મચારીના ધ્યાને ટેબલ પરથી લેપટોપ ગાયબ હોવાની બાબત આવતાં કંપનીના માલિક નિકુલ શાહને જાણ કરવામાં આવી હતી. સીસીટીવી તપાસતાં એક શખ્સ કેમેરા બંધ કરતો નજરે પડ્યો હતો. આ મામલે કંપનીના માલિકે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરની ભાળ મેળવવા આગળની તપાસ હાથ ધરી છે.

સુરતમાં 'ગાંવ ચલો' આંદોલન ઉગ્ર બન્યું, કલેક્ટર કચેરી બહાર કારીગરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

સુરત,તા.૧૫



સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં ૮ કલાકની નોકરી અને અઠવાડિયામાં એક દિવસની રજાની માગણી સાથે ચાલતું આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. આંદોલનકારી આગેવાન અજય દુબે સહિત અન્ય નેતાઓની ધરપકડ બાદ કલેક્ટર કચેરી બહાર એકત્ર થયેલા કારીગરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. શોષણના આક્ષેપ સાથે રોષે ભરાયેલા પરપ્રાંતિય શ્રમિકોએ વતન પરત ફરવા 'ગાંવ ચલો' આંદોલનની જાહેરાત કરી છે. તેઓ પોતાના રાજ્યોમાં જ ટેક્સટાઈલ ઉદ્યોગો શરૂ કરી રોજગારી મેળવવા લોકપ્રતિનિધિઓ સામે રજૂઆત કરશે.

અમદાવાદના અમરાઈવાડીમાં ૧૫ વર્ષના કિશોર સાથે દુર્વ્યવહાર કરનાર પડોશી સામે પોક્સો હેઠળ ફરિયાદ

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં ૧૫ વર્ષના કિશોર સાથે ગંભીર જાતીય સતામણી આચરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. પરિવારની ફરિયાદ અનુસાર, ઘર નજીક રહેતા દીપક ઉર્ફે લાલો પરમાર નામના શખ્સે કિશોરને ધમકાવીને તથા ચપ્પુ બતાવીને બે વખત તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. આરોપીએ ધમકી આપી હોવાથી કિશોરે શરૂઆતમાં પરિવારને જાણ કરી નહોતી, પરંતુ સતત હેરાનગતિથી કંટાળીને આખરે તેણે માતા-પિતાને આપવીતી જણાવી હતી.આ અંગે પરિવારે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે પોક્સો (POCSO) તથા સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કિશોરની ગોપનીયતા જાળવીને પોલીસ આગળની તપાસ ચલાવી રહી છે.

વડોદરામાં લેબર લાયસન્સ માટે રૂ.૭૦ હજારની લાંચ લેતા બે શ્રમ અધિકારીઓ એસીબીની ઝપટે

વડોદરા,તા.૧૫



વડોદરાના ભુતડીઝાંપા સ્થિત નાયબ શ્રમ આયુક્તની કચેરીમાં લેબર લાયસન્સ આપવાના બદલામાં રૂ.૭૦ હજારની લાંચ માગવાના કેસમાં એસીબીએ બે અધિકારીઓને ઝડપી પાડ્યા છે. આસિસ્ટન્ટ લેબર કમિશનર દીપક ચૌહાણે માગેલી લાંચની રકમ તેમના કહેવાથી મદદનીશ સરકારી શ્રમ અધિકારી રણજીતસિંહ જાદવ સ્વીકારી રહ્યા હતા, ત્યારે સુરત એસીબીની ટીમે છટકું ગોઠવીને તેમને સ્થળ પર જ રંગેહાથ પકડી પાડ્યા હતા. એસીબીએ લાંચની સંપૂર્ણ રકમ જપ્ત કરીને બંને સરકારી અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ઈંદોરથી અમદાવાદ આવતી ટ્રકમાંથી રૂ.૧૦.૧૧ લાખના પાર્સલ ગાયબ થતા ડ્રાઈવર સામે ફરિયાદ

અમદાવાદ,તા.૧૫



ઈંદોરથી અમદાવાદ આવતી 'શ્રીનાથ કાર્ગો'ની ટ્રાન્સપોર્ટ ટ્રકમાંથી રૂ. ૧૦.૧૧ લાખથી વધુની કિંમતના ચાર પાર્સલ ગાયબ થતાં ખળભળાટ મચ્યો છે.

પીપળજ ખાતે ઓફિસે ટ્રક પહોંચ્યા બાદ માલસામાન ઉતારતી વખતે આ ચોરીનો ખુલાસો થયો હતો. ઈંદોર ઓફિસના સીસીટીવી તપાસતાં તમામ ૨૫ પાર્સલ લોડ થયા હોવાનું સામે આવ્યું હતું.

પૂછપરછ બાદ ડ્રાઈવર અફઝલખાન ફોન બંધ કરી ફરાર થઈ જતાં કેન લોજિસ્ટિક્સ કું.ના સંચાલકે નારોલ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને ચોરીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી છે.

